Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन धर्म प्रकाश.

नो नद्राः केयमविद्या ? कोऽयं मोहः ? केयमात्मवञ्चनता ? केयमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुज्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तुष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशेषु । दुष्यथ गुणेषु । नश्यथ सन्मार्गात्सत्स्वप्यस्मादृशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्यूयमन्त्यस्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंज्ञारज्ञाजनमात्मानमिति । एवं च तिष्ठतां ज्ञवतां नो ज्ञद्र! निरर्थकोऽयं मनुष्यज्ञवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो ज्ञवतां परिज्ञानाज्ञिमानः । अकिञ्चित्करमिव ज्ञगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च ज्ञवतामज्ञत्वमाल्लक्षयति । न पुनश्चिरादपि विषयादिषु संतोषः । तन्न युक्तमेवमासितुं ज्ञवादृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । विरहयत धनज्ञवनममत्वव्यसनं । परित्यजत निःशेषं सांसारिकमलजांबालं । गृह्णीत ज्ञागवतीं ज्ञावदीक्षां । विधत्त संज्ञानादिगुणगणसंचयं । पूरयत तेनात्मानं । ज्ञवत स्वार्थसाधका यावत्संनिहिता ज्ञवतां वयं ।

उपमिति भवप्रपञ्चा कथा.

પુસ્તક ૩૦ મું. અશાડ. સં. ૧૯૭૦. શાકે ૧૮૩૬. અંક ૪ થો.

## सत्य जीवन.

(હરિગીત છંદ.)

નિન્દા અને વિકથા વિવશ આજીવીકા અભિમાનમાં,
ચડતા જુવાની પૂર વાદ વિવાદ ને ગુલતાનમાં;
સ્વારથ વિષે અંજાય લોભે સત્યતા લોપાય છે,
જીવન સફળ તસ જગતમાં જે સત્યતાને ન્હાય છે. ૧

નિન્દા કરો નિજ આત્મની ધરી શાસ્ત્રનો શુભ કાયદો,
વિકથા થશે તવ દૂર ગુણઆદિ સ્વભાવે ફાયદો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજીવીકા કરતા પશુ પણ નર વિષે શુભ ન્યાય છે,
જીવન સફળ તસ જગતમાં જે સત્યતાને ચ્હાય છે. ૨

વેઠ્યા અનંતો કાળ નરક નિગોદના દુઃખો ઘણા,
મસ્તક ઉંધે મળમાં રહી પામેલ પૂર્ણ વિટંબણા;
બાજી જુઠી અવલોકતા મન માનથી મૂકાય છે,
જીવન સફળ તસ જગતમાં જે સત્યતાને ચ્હાય છે. ૩

રઝળ્યા અનંતો કાળ ઇંદ્રિય વશ રહી સંસારમાં,
ભાડાતણા ઘરમાં ફરે થઇ લુબ્ધ વિષયવિકારમાં;
લાડી અને ગાડી વિભવ ગુલતાન આળગા જાય છે,
જીવન સફળ તસ જગતમાં જે સત્યતાને ચ્હાય છે. ૪

કંગાલપણું કુસંપે સંપે સમૃદ્ધિ સાંપડે,
સિદ્ધિ બુદ્ધિ ઉદ્યોગ વશ દારિદ્રતા આળસવડે;
ઉદાર મતિ યશ લોભ અપયશ દુર્મતિ દુઃખદાયી છે,
જીવન સફળ તસ જગતમાં જે સત્યતાને ચ્હાય છે. ૫

જાણો અગત્ય તમામ કાર્યાલય વિષે અતિ જેહુની,
છે ધર્મ સત્વ વિશાળ શોભા પૂર્ણ માનવ દેહની;
વિશ્વાસ ભાજન સત્યથી શુભ કાર્ય સર્વ સધાય છે,
જીવન સફળ તસ જગતમાં જે સત્યતાને ચ્હાય છે. ૬

સંસારમાં સુખ પામવા તરવા ભવોદધિ આખરે,
ઉર્મી સફળ સત્વર થશે જો સત્યતા અંતર ઠરે;
બુદ્ધિ સમૃદ્ધિ સંપ ને વ્યવહાર સુધરી જાય છે,
જીવન સફળ તસ જગતમાં જે સત્યતાને ચ્હાય છે. ૭

બાળાવયે નિજ બાળકો આ ટેવ તાતથી પામશે,
તો દિગ્વિજય કરિ સરલતાએ સર્વ કાર્યો જામશે;
દુર્લભ પ્રભા ગુણ સમુદ્રની શુભ સત્યથી સચવાય છે,
જીવન સફળ તસ જગતમાં જે સત્યતાને ચ્હાય છે. ૮

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ज्ञानसार सूत्र विवरण.

## कर्मविपाक ध्यानाष्टकम् ( २१ )

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

જે નિર્મળ જ્ઞાન જ્ઞાનીના અનુગ્રહથી તત્ત્વદૃષ્ટિયોગે નિજ ઘટમાંજ સકળ સમૃદ્ધિને જોઈ-અનુભવી પ્રગટ કરી શકે છે તે મહાશયોજ શુભાશુભ કર્મનું સ્વરૂપ સમજી સર્વત્ર સમભાવે રહે છે પણ તેમાં મુગ્ધ જનોની પેરે મુંઝાવા નથી. તે કર્મની વિચિત્રતા શાસ્ત્રકાર હવે બતાવે છેઃ-

दुःखं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य च विस्मितः ॥
मुनिः कर्मविपाकस्य, जानन् परवशं जगत् ॥ १ ॥

**ભાવાર્થ**—સર્વે જગત્ જંતુઓ ઉદયાગત કર્માનુસારેજ સુખ દુઃખ પામે છે; એવું સમજનારા મુનિજનો દુઃખને પામીને દીન થતા નથી, તેમજ સુખને પામીને ચકિત થતા નથી. મુનિજનો સારી રીતે સમજે છે કે જગત્ માત્ર **કર્મ વિપાકને** વશવર્તી છે. કર્મની શક્તિ અજબ છે. ૧.

**વિવેચન**—આ જગત્ બધું કર્મ વિપાકને વશ છે એમાં તો કાંઇ શંકા રાખવા જેવું નથી; કારણકે એ વાત અનુભવથી સર્વને સિદ્ધ છે. પરંતુ એમ જાણવાના ફળ તરીકે પ્રથમ શ્લોકના પૂર્વાર્ધમાં કહે છે કે-'મુનિજનો દુઃખને પામીને દિન થતા નથી અને સુખને પામીને વિસ્મિત થતા નથી.' આ વાત અત્યંત મુશ્કેલ છે. ઘણી વાતો કહેવી સહેલી હોય છે પણ તે પ્રમાણેનું વર્તન અતિ મુશ્કેલ હોય છે. દુઃખ ગમે તેવું-નાનું કે મોટું-સહ્ય કે અસહ્ય-કાયિક કે માનસિક જે પ્રાપ્ત થાય તેને દીન થયા વિના-દીનતા બતાવ્યા વિના સહન કરવું એ જેવી તેવી વાત નથી. તેમજ સુખને પામીને તેનો અનુભવ કરતાં આનંદ ન થવો, હર્ષ ન આવવો, હૃદય વિકસ્વર ન થવું-એ પણ બહુ મુશ્કેલ હકીકત છે. જે પ્રાણીને કર્મવિપાકના સંબંધમાં અચળ દ્રઢતા થઇ ગઇ હોય તેજ તેવી બંને સ્થિતિમાં સમાન રહી શકે છે. ૧

येषां भ्रूभंगमात्रेण, भज्यन्ते पर्वता अपि ॥
तैरहो कर्मवैषम्ये, भूपैर्भिक्षाऽपि नाप्यते ॥ २ ॥

**ભાવાર્થ**—જેમની ભૃકુટી ફરતાં પર્વતોનો પણ ભુકો થઈ જાય એવા ભૂપોને વિષમકર્મના યોગે ભિક્ષા સરખી પણ માગતાં મળતી નથી. કર્મ વિપરીત થયે છતે મોટા ભૂપાલને પણ પોતાનું પેટ ભરવાને ફાંફાં મારવાં પડે છે. તો પછી બીજા સામાન્ય પ્રાણીઓનાં તો કહેવું જ શું ? ૨

For Private And Personal Use Only

વિવે૦—એવા રાજાઓ ચક્રવર્ત્યાદિક હોય છે કે કદિ તે ભ્રૂકુટિ વાંકી કરીને કોઇ પર્વતને તોડી પાડવા ઇચ્છે, કે તેવા હુકમ કરે તો તેના સેવકો અલ્પ કાળમાં મોટા પર્વતને પણ તોડી નાખી સપાટ જમીન કરી નાખે છે. એવા બળવાન રાજાઓ પણ જ્યારે કર્મ વિપરીત થાય છે ત્યારે રાજ્યથી ભ્રષ્ટ થાય છે. અન્ય રાજા તેના રાજ્યનો માલેક થાય છે. પહેલા રાજાને ભાગી જવું પડે છે અને તેવી સ્થિતિમાં અજ્ઞાતપણે ભટકતાં કેટલીક વખત ભિક્ષા પણ મળી શકતી નથી અને ભૂખ્યા સુઇ રહેવું પડે છે. અકબર બાદશાહના ભયથી પર્વતોમાં પરિભ્રમણ કરનાર પ્રતાપ રાણાને કેટલીક વખત અન્ન વિનાની સ્થિતિનો પણ અનુભવ કરવો પડ્યો છે. બાદશાહને પણ નમવું ન આપનારની કર્મના વિપરીતપણાથી આવી સ્થિતિ થયેલી છે. આતો આધુનિક ઐતિહાસિક દ્રષ્ટાંત છે. એવા પૂર્વકાળના પણ અનેક દ્રષ્ટાંતો છે. તાત્પર્ય એ કે '**કર્મ પાસે જીવ રાંક છે.**' ૨.

जातिचातुर्यहीनोऽपि, कर्मण्यभ्युदयावहे ॥
क्षणाद्रंकोऽपि राजा स्या—च्छत्रच्छन्नादिगंतरः ॥ ३ ॥

**ભાવાર્થ**—ઉત્તમ જાતિ અને સારી ચતુરાઇ રહિત છતાં, અત્યંત અનુકુળ કર્મના યોગે ક્ષણવારમાં રાંક સરખા પણ એકછત્ર રાજ્ય પામે છે. પ્રબળ પુન્યનો ઉદય થયે છતે ભીખારી જેવો માણસ પણ વિશાળ રાજ્યઋદ્ધિવાળો રાજા થઇ પડે છે. ૩.

વિવે૦—ઉપરની ગાથામાં કહેલી હકીકતથી વિપરીત હકીકત આ ગાથામાં દર્શાવી છે. આ શ્લોકમાં કહે છે કે શુભ કર્મનો ઉદય થાય ત્યારે એક રંક હોય તે પણ એકછત્ર રાજ્યવાળો એટલે મોટો ધુરંધર ચક્રવર્તી રાજા થાય છે. આને માટે શાસ્ત્રોમાં અનેક દ્રષ્ટાંતો છે. જુઓ પરભવમાં રંક ભિક્ષુક હતો તેપણ એક દિવસના ચારિત્રના આરાધનથી સંપ્રતિ રાજા થયો, કે જેની ત્રણ ખંડમાં આજ્ઞા પ્રવર્તી. તેમજ સિદ્ધરાજ જયસિંહના ભયથી જ્યાં ત્યાં ભટકતા કુમારપાળનો અશુભ કર્મોદય પૂરો થયો ત્યારે તે સિદ્ધરાજનીજ ગાદી પર આવ્યા અને અઢાર દેશના રાજા થયા. સર્વત્ર દયા ધર્મ એવો પ્રવર્તાવ્યો કે જેવો ભગવંતના વિદ્યમાનપણામાં શ્રેણિક રાજા જેવા ભક્ત અને પ્રતાપી રાજાઓ પણ પ્રવર્તાવી શક્યા નહોતા. આ બધો શુભ કર્મોદયનો પ્રભાવ છે. પ્રાચીન દ્રષ્ટાંતો આ વિષયને લગતા જેટલા જોઇએ તેટલા મળી શકે તેમ છે; પરંતુ લેખ વધી જવાના ભયથી અહીં આપવામાં આવતા નથી. ૩.

विषमा कर्मणः सृष्टि-र्दृष्टा करभपृष्ठवत् ॥
जात्यादिभूतिवैषम्या-त्का रतिस्तत्र योगिनः ॥ ४ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—કર્મની રચના ઉંટના બરડાની જેવી વાંકીજ છે; કેમકે જાતિ, કુળ, બુદ્ધિ, બળ, ઐશ્વર્ય પ્રમુખમાં પ્રગટ વિષમતા દેખાય છે. સર્વ કોઇને તે એક સરખાં હોતાં નથી. પૂર્વકૃત કર્માનુસારે તે સારાં નરસાં કે વધારે ઘટાડે હોઇ શકે છે. કર્મની વિચિત્રતા પ્રમાણે ફળની વિચિત્રતા સમજનારા મુનિજનોને તેવી વિષમ સ્થિતિમાં રતિ–પ્રીતિ કેમ હોવી ઘટે ? નજ ઘટે; તેમને તો પ્રાપ્ત સુખ દુઃખમાં સર્વત્ર સમભાવજ રાખવો ઘટે છે. ૪.

વિવે૦—આ પ્રમાણે ઉંટની પીઠની જેમ કર્મજન્ય સૃષ્ટિ વાંકી–વિચિત્ર છે. એને લીધે જગતમાં અનેક પ્રકારની વિચિત્રતા દૃષ્ટિએ પડે છે. એક મનુષ્યની એક ભવમાંજ અનેક પ્રકારની જુદી જુદી દશાઓ દેખાય છે. ઘડીમાં પરમ સુખી હોય તે પરમ દુઃખી થઇ જાય છે, મોટો ધનવાન હોય તે ઘડીમાં નિર્ધન થઇ જાય છે અને નિર્ધન હોય તે ક્રોડપતિ થઇ જાય છે. આવી દૃષ્ટનષ્ટ કર્મજન્ય સ્થિતિ જોઇને કોણ યોગી પુરૂષ–વિરક્તાત્મા તેમાં રતિ–પ્રીતિ કરે ? તેવા પુરૂષને તેમાં આનંદ કે વિશ્વાસ આવેજ નહીં. ૪.

आरूढा प्रशमश्रेणिं, श्रुतकेवलिनोऽपि च ॥
भ्राम्यन्तेऽनन्तसंसार–महो दुष्टेन कर्मणा ॥ ५ ॥

ભાવાર્થ—અહો ! અતિ આશ્ચર્યની વાત છે કે ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થયેલા શ્રુતકેવળી ( ચૌદ પૂર્વધર ) મુનિઓ પણ દુષ્ટ કર્મના યોગે પતિત થઇને અનંત સંસાર પરિભ્રમણ કરે છે. જ્યારે આવા સમર્થ પુરુષોને પણ કર્મવિપાક આ રીતે છળે છે, તો બીજા સામાન્ય માણસોનું તો શું કહેવું ? દુષ્ટ કર્મની પ્રબલતા પાસે પ્રાણીઓનું કશું ચાલતું નથી. ૫.

વિવે૦–દુષ્ટ કર્મનો પ્રભાવ ક્યાંસુધી આ પ્રાણીને હેરાન કરે છે ? તે બતાવે છે–અપ્રમત્ત મુનિપણું પામી ઉપશમ શ્રેણીએ ચઢી કર્મોને પરાસ્ત કરી અગ્યારમે ગુણઠાણે પહોંચેલા મુનિમહારાજા કે જેઓ શ્રુતકેવળી થયેલા હોય છે તેમને પણ અશુભ કર્મ–સૂક્ષ્મ રહેલો લોભ અથવા કષાય મોહની જે સત્તામાં રહેલ છે તે ઉદયમાં આવીને ત્યાંથી પાડી દે છે. એટલે તે શ્રેણીચ્યુત થાય છે; એટલુંજ નહીં પણ ત્યાંથી છઠ્ઠે સાતમે ગુણઠાણે આવતાં ત્યાંથી ચોથે ને બીજે ગુણઠાણે લાવી પહેલે ગુણઠાણે પહોંચાડી દે છે. અને જો શ્રેણિગત સ્થિતિમાં આયુષ્ય પૂર્ણ થયું હોત તો જે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થાત અને એકાવતારી થઇ સિદ્ધિપદને પામત તેને અનંતકાળ પર્યંત આ દુરંત સંસારમાં પરિભ્રમણ કરાવે છે. દુષ્ટ કર્મની આવી અવાચ્ય પ્રબળતા છે. તેથી તેને આધીન કરવા માટે ઉત્તમ જીવે દરેક પ્રકારના પ્રયત્ન કરવા યોગ્ય છે. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अर्वाक् सर्वापि सामग्री, श्रांतेव परितिष्ठति ॥
विपाकः कर्मणः कार्य–पर्यंतमनुधावति ॥ ६ ॥

ભાવાર્થ—આત્મહિત સાધકની સકલ સામગ્રી કાર્યસિદ્ધિ થયા પહેલાંજ થાકી ગઈ હોય તેમ અટકી પડે છે. પણ કર્મ–વિપાક તો સ્વકાર્ય પર્યંત કર્મ-કારકને અનુસર્યા કરે છે. એટલે તે તો તેનું શુભાશુભ ફળ તેના કરનારને ચખાડ્યા વિના વિરમતાજ નથી. કર્મના પ્રબળ વેગને કોઈ રોકી શકતું નથી. કર્મનો વિપાક પોતાની પૂર્ણ સત્તા કર્મના કરનારની ઉપર બજાવે છે. કાયર માણસ તેની પાસે ફાવી શકતો નથી. ફક્ત જે સમર્થ સાધક હોય તેજ રાગદ્વેષરૂપ કર્મની જડ કાઢી તેનું મૂળથીજ નિકંદન કરે છે. ૬

વિવે૦—આ જીવે ઘણા ભવોના પ્રયાસવડે કરીને આ ભવમાં પ્રાપ્ત થયેલી મનુષ્યભવાદિ અનેક પ્રકારની ઉત્તમ સામગ્રી મહા મહેનતે મેળવેલી હોય છે; છતાં અલ્પકાળમાં તે વિસરાળ થઈ જાય છે, પડી રહે છે, છેવટ સુધી ટકી રહેતી નથી; અને કર્મના વિપાક તો કાર્યસિદ્ધિ થતાં સુધી આ જીવની પાછળ ને પાછળ દોડ્યાજ કરે છે, તે થાકીને વિસામો લેતા નથી. જીવ વારંવાર થાકે છે એટલે તેની મેળવેલી સામગ્રી વિંખાઇ જાય છે; અને તેની પાછળ પડેલ મોહરાજા તો થાકતોજ નથી એટલે જીવને એકલો પડેલો–ધર્મરહિત દેખે છે કે તરત તેને દુર્ગતિમાં ખેંચી જાય છે. નિરંતર–અશ્રાંતપણે તે જીવના છળજ જોયા કરેછે. ૬

असावचरमावर्त्ते, धर्मं हराति पश्यतः ॥
चरमावर्तिसाधोस्तु, छलमन्विष्य हृष्यति ॥ ७ ॥

ભાવાર્થ—આ કર્મ–વિપાક દીર્ઘ સંસારી જીવના ધર્મ–પ્રાણને જોતાં જોતાંમાં હરી લે છે, અને પરિત્તસંસારી સાધુનું છલ જોઇને તો ભારે ખુશી થાય છે. '**કર્મને કાંઈ શરમ નથી**' તે વાત અક્ષરે અક્ષર સાચી છે. તે પરમ પવિત્ર ધર્મમહારાજ સાથે પણ પૂર્ણ વૈરભાવ રાખે છે અને તે ધર્મરાજાનું શરણ લેનાર સાથે પણ પોતાનું વૈર શોધતોજ ફરે છે. અને જો લાગ ફાવે તો વૈર વાળવાનું ચુકતો નથી. ગમે તેટલી આત્મઉન્નતિને પામેલાને પણ સ્વસાધ્યથી ચુકાવી નીચે ગગડાવી પાડે છે. આવા દુષ્ટ કર્મના વિપાકથી વેગળા રહેવા ઇચ્છ-નારે તેની રાગદ્વેષરૂપી મોટી જડ ખોદી કાઢવી જોઇએ. રાગદ્વેષનો સમૂલગો નાશ થવાથી મોહનો સર્વથા ક્ષય થાય છે, અને મોહનો ક્ષય થવાથી સકળ કર્મ વર્ગનો સ્વતઃ ક્ષય થઇ જાય છે. ૭

વિવે૦—છેલ્લા પુદ્‌ગલ પરાવર્તને નહીં પામેલા, શુક્લપક્ષી નહીં થયેલા, માર્ગાનુસારીપણાને નહીં પામેલા એવા પ્રાણીઓના ધર્મરૂપ પ્રાણને તો કર્મરાજા એક ક્ષણમાત્રમાં–જોતજોતામાંજ હરી લેય છે અને છેલ્લા પુદ્‌ગળ પરાવર્તનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલા, શુકલપક્ષી થયેલા, સમકિત પામેલા તેમજ સાધુપણું પ્રાપ્ત કરી છઠ્ઠે સાતમે ગુણઠાણે પહોંચેલા મુનિરાજના, તેમજ પાંચમે ગુણઠાણે આવેલા શ્રાવકોના, અને ચોથા ગુણઠાણાવાળા સમકિતી જીવોના છળને મોહરાજા નિરંતર જોયા કરે છે અને જરા પણ છળ-છિદ્ર મળી આવ્યું કે તે જોઇને તે બહુજ ખુશી થાય છે. પછી તે છળનો યા છિદ્રનો લાભ લઇને પોતે તેમજ તેનો પરિવાર વિષય કષાયાદિ-તેવા આત્મા સાથે હળીમળી જાય છે, તેના મિત્ર થઇ જાય છે અને પરિણામે તેના હિતશત્રુ થઇને તેને દુર્ગતિએ પહોંચાડી તેનું ચાલે તેટલું કરે છે. અર્થાત્ અનેક પ્રકારનાં દુઃખ આપી અનંત કાળ ભવભ્રમણ કરાવે છે. પછી પ્રાણી માર્ગાનુસારી થયેલ હોવાથી તેમજ સમકિત પામેલ હોવાથી ભવસ્થિતિ વધારે ન હોવાને લીધે દોરાવાળી સોય જેમ કચરામાંથી પણ પાછી જડી આવે છે તેમ તે પ્રાણી ફરી ધર્મની સામગ્રી પામે છે, સમકિત મેળવે છે અને મોક્ષસુખનું ભાજન થાય છે. ૭

साम्यं बिभर्त्ति यः कर्म-विपाकं हृदि चिंतयन् ॥
स एव स्याच्चिदानन्द-मकरन्दमधुव्रतः ॥ ८ ॥

**ભાવાર્થ**—કર્મના વિપાકને હૃદયમાં ચિંતવતો છતો જે સમ-વિષમ સ્થિતિમાં સમભાવજ રાખે છે-તેવે વખતે જે હર્ષ-વિષાદ પામતો નથી, તેજ મહાપુરૂષ જ્ઞાનાનંદનો અદ્‌ભુત રસ ચાખવા સમર્થ થઇ શકે છે અને તેવા સમર્થ પુરૂષસિંહજ સહજાનંદ નિમગ્ન થઈ અંતે અક્ષય-અખંડ-શાશ્વત સુખના ભોગી થઈ શકે છે. ૮

વિવે૦—આ પ્રમાણેના કર્મવિપાકને ચિંતવીને જે પ્રાણી તેમાં સામ્ય-સમભાવ ધારણ કરે છે-પ્રથમ શ્લોકમાં કહ્યા પ્રમાણે દુઃખ પામીને દિન થતા નથી અને સુખ પામીને વિસ્મયયુક્ત થતા નથી તે પ્રાણી પ્રાંતે ચિદાનંદ ઘનસ્વરૂપને પ્રાપ્ત કરે છે. અર્થાત્ એવા પરમ સુખનું આસ્વાદન કરનાર-તેના મકરંદનો ઉપભોગ લેનાર મધુકર-ભ્રમર થાય છે. ભવભીરૂ ઉત્તમ જનોને આ સ્થિતિ પ્રાપ્તવ્ય છે અને તેને માટેજ સર્વ પ્રયાસ કરવા યોગ્ય છે. ૮ તંત્રી.

## જાહેર ખબર.

આ ઉપરથી સર્વે બન્ધુઓને ખબર આપવામાં આવે છે કે, આપણી કોમના પુરૂષ વર્ગ તેમજ સ્ત્રી વર્ગને ઉત્તમ પ્રકારના હુન્નરો તદ્દન મફત શીખવવાના હેતુથી શ્રી વઢવાણ કેમ્પમાં શ્રી જૈન હુન્નરશાળા સ્થાપવામાં આવી છે.

આ હુન્નરશાળામાં વણીક કોમના દરેક ઉમેદવારને દાખલ કરવામાં આવે છે, તેમજ જરૂરીઆત સ્કૉલરશીપ અને સગવડ કરી આપવામાં આવે છે.

ઉમેદવારોએ પોતાની અરજી નીચેના શિરનામે તાકીદથી મોકલવી.

વઢવાણ કેમ્પ. } લી૦ વર્કીંગ કમીટી
શ્રી જૈન હુન્નરશાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सम्यक्त्व रत्न–एक अत्यावश्यक गुण.

એકાંત પરોપકાર પરાયણ અને કાંઇપણ લૌકિક સ્વાર્થ વગર ' માત્ર કર્માવરણથી સીદાતા પ્રાણીઓ એથી મુક્ત થઇ ખરા સુખના ભોક્તા કયારે બને ? ' એ અર્થેજ ભાવદયાપૂર્વક પ્રવૃત્તિ કરનારા પૂર્વ મહા પુરૂષો આત્મામાં અનેક ગુણોનું અસ્તિત્વ કથી ગયા છે. તે ગુણો કર્માવરણથી આચ્છાદિત થઈ ગયા છે છતાં આપણે તે આવરણ દૂર કરવા પ્રયત્નશીલ થઇએ તો ક્રમે ક્રમે તે ગુણો પ્રકટ કરી પ્રાંતે શાશ્વત સુખને પામી શકીએ. એને ઉદ્દેશીને અનેક ગ્રંથો અને શાસ્ત્રોદ્વારા એઓ ઉપદેશી ગયા છે અને એના ઉપાયો અને સાધનો સૂચવી ગયા છે. એથી આપણને એ ઉપાયો અને સાધનો સેવવાનું પ્રાપ્ત થાય છે. એમાં જેટલા પ્રમાદશીલ રહીએ તેટલું આપણનેજ હાનિકર્ત્તા છે.

ઇંગ્રેજીમાં કહેવત છે કે First deserve and then desire–પ્રથમ લાયક થાઓ, લાયકાત મેળવો અને પછી ઇચ્છો, માગણી કરો. આપણી નિત્યની આવશ્યક કરણીએ અને પ્રભુભક્તિના પ્રસંગોમાં આપણે હાલતાં ચાલતાં અને વાત વાતમાં ' અમને તારો, ઉગારો, પાર ઉતારો, મોક્ષ આપો ' ઇત્યાદિ ઇત્યાદિ ઇચ્છીએ છીએ અને માગીએ છીએ, પણ આપણી એ ઇચ્છા અને માગણી વાસ્તવિક છે કે નહિ ? અને તે કરવા જેટલી આપણે લાયકાત મેળવી છે કે નહિ ? અરે! મેળવવા વિચાર સરખો પણ કર્યો છે કે નહિ ? એ બાબત પ્રથમ અંતર અવલોકન કરવાની જરૂર છે. એ વિના આપણી એ ઇચ્છા કે માગણી દીર્ઘ કાળ પર્યંત કરવામાં આવે તોપણ ફળીભૂત થતી નથી અને એની યોગ્યતા મેળવવામાં આવે તો પછી એ ઇચ્છા કે માગણીનો અવકાશજ રહેતો નથી. સ્વયમેવ એ જીવ આત્મિક ઉન્નતિમાં ક્રમે ક્રમે વધતોજ જાય છે. શરૂઆતમાં તેને પુષ્ટાલંબનની જરૂર રહે છે પણ બહુ દૂર ગયા પછી તો પોતેજ પોતાને તારે છે. લૌકિક વ્યવહારમાં પણ અમુક અધિકાર મેળવવા પહેલાં એને લાયક થવા માટે અનેક પ્રયત્નો શિક્ષણ આદિના કરવા પડે છે, તો પછી લોકોત્તર માર્ગમાં એવી ઉપેક્ષા ચલાવી લેવા લાયક કેમ હોઈ શકે ? આપણે આ માટે જાગૃત થઇ એ દિશામાં બની શકતી પ્રગતિ કરીએ એ અર્થે આ પ્રયાસ કર્યો છે. લેખક પોતે પોતામાં આ દશા આવિર્ભાવે હોવાનો દાવો કરતો નથી પણ આથી પ્રમાદ છૂટી કાંઇક સ્વપરને હિત થશે એમ વિચારી આમ કરવું ઉચિત ધાર્યું છે.

આપણે સર્વ મોક્ષને એટલે કર્મોથી આત્માને મુક્તિ મળે—છૂટવાપણું થાય એ ઇચ્છીએ છીએ. તેથી પ્રથમ જેની મુક્તિ કરવી છે તેને ઓળખવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલું જ્ઞાન મેળવી પછી તેની પરિચર્યા–સેવા–આરાધના કરવી જોઇએ. બી. એ. કે એમ. એ. થનારની શરૂઆત ઇંગ્રેજી અક્ષરજ્ઞાનથી હોય છે. એવી શરૂઆત કર્યા વગર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પાસે કોઇ જઈ બી. એ. કે એમ. એ. પદની માગણી કરે એ જેટલું હાસ્યાસ્પદ અને વ્યર્થ થાય છે તેટલુંજ પ્રભુ પાસે મોક્ષપદ માટે આપણી માગણીના સંબંધમાં સમજવું. તેથી મોક્ષ જેવું અત્યુચ્ચપદ પ્રાપ્ત કરવા માટે આપણી શરૂઆત યોગ્ય રીતે થવી જોઇએ એ સૂચિત થાય છે. એ રીતિ–એ ક્રમ જ્યાં સુધી આપણે જાણતા નથી ત્યાં સુધી આપણે મોક્ષનગર જવાના રાજ્યમાર્ગ–સીધી સડક ઉપર ચઢ્યાજ નથી પણ છીંડીમાર્ગ–ગલ્લી ગૂંચી કે કેડીમાં અટવાયા કરીએ છીએ–ભૂલા પડી ભટકીએ છીએ. એમ ઇષ્ટનગરે ક્યારે પહોંચાય ?

ગુરૂપદ પ્રાપ્ત કરવા ઇચ્છનાર શિષ્યને ગુરૂમાં, રાજ્ય પદની પ્રાપ્તિ ઇચ્છક કુમારને રાજામાં અને નિરોગી થવા ઇચ્છનારને વૈદ્યમાં–તેના આપેલા ઔષધમાં જેમ વિશ્વાસ રાખવો પડે છે; તેમ મોક્ષપદના જીજ્ઞાસુ મનુષ્યને આત્મામાં વિશ્વાસ રાખવો પડે છે. એ વિશ્વાસ–પ્રતિતી–શ્રદ્ધાન–રૂચિ–પ્રીતિને સમ્યક્ત્વ કહેવાય છે અને એને મેળવવાની જીવને પહેલ વહેલી જરૂર છે. એ માટે કહ્યું છે કે ' तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ' એટલે આત્મતત્ત્વ–જીવદ્રવ્યમાં શ્રદ્ધા રાખવી તેને સમ્યક્ત્વ કહીએ. એ શ્રદ્ધા થાય તે સાથે તેને અનાત્મતત્ત્વ–અજીવદ્રવ્યની શ્રદ્ધા થાય છે, કેમકે અજીવનું સ્વરૂપ સમજાય તોજ આ જીવ છે અને આ અજીવ છે એવું ભેદજ્ઞાન થઇ શકે; અને એ થાય એટલે નવે તત્ત્વોની શ્રદ્ધા થઇ ગયેલી સમજવી. કારણ કે જીવ અને અજીવ તત્ત્વમાં શેષ તત્ત્વોનો અંતર્ભાવ છે. ષડ્દ્રવ્ય પણ જીવ અને અજીવજ છે. આથી એમ સૂચિત થાય છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરવા ઇચ્છનાર જીવે તત્ત્વજ્ઞાન મેળવવા સારો પ્રયત્ન સેવવો જોઇએ. નવ તત્ત્વનો અભ્યાસ કરતાં અજીવ તત્ત્વને પ્રસંગે ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યનું જ્ઞાન થાય છે અને બંધ તત્ત્વને અંગે અષ્ટકર્મનું જ્ઞાન થાય છે, જેની વિશેષતા અને સંગીનતા કર્મ ગ્રંથના અભ્યાસથીથાય છે. એટલે ટુંકામાં કહીએ તો દ્રવ્યાનુયોગનું જ્ઞાન મેળવવું એ સમ્યક્ત્વ પ્રાપ્તિમાં પ્રથમ પદ ધરાવે છે. એ જ્ઞાન પછીજ આત્મશ્રદ્ધા સુદૃઢ થાય છે. પછી તે જીવ ક્યારે પણ પ્રાપ્તપદથી ચ્યુત થતો નથી. કહ્યું પણ છે કે ' **जीवाइ नव पयत्थे जो जाणइ तस्स होइ सम्मत्तं** ' જીવાદિક નવ પદાર્થને જે જાણે તેને સમ્યક્ત્વ હોય. આથી સમ્યક્ત્વની પ્રાપ્તિ પહેલાં જ્ઞાનની કેટલી બધી આવશ્યકતા છે તે સમજી શકાય છે. જો કે શાસ્ત્રમાં નવતત્ત્વનો જાણ ન હોય પણ ભાવપૂર્વક શ્રદ્ધા રાખે તે એવી રીતે ' જે તીર્થંકરોએ પ્રરૂપ્યું છે તેજ શંકારહિત પણે ખરૂં છે ' એને પણ સમકિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું છે; તથાપિ પાકી શ્રદ્ધા થવા માટે આપ્તપ્રણીત શાસ્ત્રોની સત્યતાનું શંકાવગર નિર્ધારણ થાય તેટલા પણ જ્ઞાનની આવશ્યકતા રહે છે કે જેનું પ્રમાણ સામાન્ય નથી.

'શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મની પરીક્ષાપૂર્વક સદ્દહણા કરવી એ સમ્યક્ત્વ કહેવાય' એ વ્યાખ્યાનું રહસ્ય તપાસીએ. સ્થૂલ દૃષ્ટિથી વિચારતાં અરિહંત વીતરાગ તે દેવ, પંચ મહાવ્રત પાળક મુનિરાજ તે ગુરૂ અને તેઓનો પ્રરૂપેલો અહિંસા મુખ્ય ધર્મ એ તત્ત્વત્રયની પરીક્ષા કરવી; બાદ તે ઉપર વિશ્વાસ રાખવો તે સમ્યક્ત્વ કહેવાય એમ કહ્યું છે. આથી પણ માત્ર સામાન્ય રીતે શ્રદ્ધા રાખવાની નથી પણ તે અગાઉ યોગ્ય પરીક્ષા કરવાનું પ્રાપ્ત થાય છે એમ સમજાય છે. અને તેથી શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મનાં લક્ષણો શું ? એનું જ્ઞાન મેળવી જગત્માં વિદ્યમાન અનેક દેવ, ગુરૂ અને ધર્મમાંથી તેવાં લક્ષણોવાળા દેવ, ગુરૂ અને ધર્મ શોધી કાઢવાની ફરજ ઉભી થાય છે. એ ત્રણની પ્રાપ્તિ જીવને સુમાર્ગે વહવામાં ઉપયોગી થાય છે. બાદ તેની સમ્યગ ઉપાસનાથી જીવ નિશ્ચય તત્ત્વત્રય સમજે છે. અરિહંત પ્રભુ પોતે વિદ્યમાન હોય એમને દેવ કહો કે ગુરૂ કહો અથવા એમને વિરહે મુનિરાજ શુદ્ધ પ્રરૂપણા કરે એમને ગુરૂ કહો કે દેવ કહો. આપણને તો એ બેમાંથી ગમે તેનું કથન સરખુંજ ઉપકારક છે. એઓ જે ધર્મરૂપે પ્રરૂપે એમાં મુખ્ય લક્ષ્ય-હેતુ આત્માને નિરાવરણ કરવાનોજ હોય છે. એટલે આત્માની નિરાવરણ દશા તે ધર્મ, એના પ્રરૂપક ગુરૂ તે પણ અમુક ગુણધારક આત્મા અને વીતરાગ પ્રભુ દેવ તે પણ આત્મા એટલે એ ત્રણે તત્ત્વોનો સમાવેશ આત્મામાંજ થાય છે. એ નિશ્ચય રત્નત્રયી કહેવાય છે. એટલે આત્મામાં શ્રદ્ધા રાખવી એ અંતે પ્રાપ્ત થાય છે.

દ્રવ્યાનુયોગનું સ્વરૂપ નિરૂપણ જે રીતે કરેલું છે એ વિચારવાથી એ નિરૂપણ કરનારા સમર્થ જ્ઞાનીઓ ઉપર ત્વરિત શ્રદ્ધા બેસે તેવું છે. એમને એ નિરૂપણ કરવા કાંઇ ક્ષુદ્ર સ્વાર્થ નહોતો. એની ગંભીરતાનો વિચાર કરતાં સહજ સમજી શકાય છે કે નવલકથાઓની પેઠે કલ્પિત વિચારોની રચના એ નથી કે દાડા પહોરના ગપ્પા હાંકયા નથી પણ યથાસ્થિત જે વસ્તુ સ્વરૂપ છે તેજ કહેલું છે. એ કથન સામાન્ય નથી પણ અતિ દુર્ઘટ અને સમજતાં મુશ્કેલી નડે એવું છે. સમર્થ જ્ઞાન વિના એવું કથન તદ્દન અશક્ય-નહિ બને તેવું છે. એથી એઓ અપ્રતિપાતી જ્ઞાનધારક હતા, એ કથ્યેય ઉપસ્થિત થાય છે. જગત્માં એક એક કરતાં ચઢીયાતા જ્ઞાનવાળા પુરૂષો જોવામાં આવે છે; એથી જેનાથી અધીક જ્ઞાન કોઇનું નથી એવા પૂર્ણ જ્ઞાનીઓ પણ હોવા યોગ્ય છે એમ વિચારતાં સમજી શકાય છે. એટલે દ્રવ્યાનુયોગનું જ્ઞાન સમ્યક્ત્વ પ્રાપ્તિમાં બહુ ઉપકારક છે એ આથી ફલિત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનથી શ્રદ્ધા થયા પછી હેય-ત્યાગ કરવા યોગ્યનો અને ઉપાદેય—આદરવા યોગ્યનો વિવેક થાય છે. બાદ જીવ આત્મિક આનંદ સાથે ઉન્નતિમાં આગળ વધતો જાય છે અને થોડા વખતમાં મોક્ષ મેળવે છે. આથી મોક્ષનગર જવા માટે પ્રયાસ કરનાર, માગણી કરનાર જીવને જ્ઞાન ચારિત્રની પ્રાપ્તિ કરવી પડે છે અને તે કરતાં પ્રથમ દર્શનગુણ મેળવવારૂપ યોગ્યતાની કેટલી બધી આવશ્યક્તા છે? એ સુસ્પષ્ટ થાય છે; એટલે કે જીવને પ્રથમમાં પ્રથમ દર્શન ગુણ મેળવવાની અનિવાર્ય આવશ્યક્તા છે એ વિચારપથ ઉપર આવવા યોગ્ય છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ સ્વાભાવિક-કુદરતી રીતે તથા શાસ્ત્રબોધ-અભ્યાસથી એમ બે રીતે થાય છે. પણ તેમાં પહેલી રીતે કોઇ વિરલ જીવને અને બીજી રીતે અનેક જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. બીજી રીતને ઉત્સર્ગ માર્ગ—ધોરી રસ્તારૂપે અને પહેલી રીતને અપવાદ માર્ગ—છીંડી રસ્તારૂપે સમજવી યોગ્ય છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિ પહેલાં જીવમાં માર્ગાનુસારીપણાના ગુણો આવવા જોઇએ. એટલે એ ગુણોનો અભ્યાસ-તદનુસાર વર્ત્તન રાખવાની ટેવ પાડવી જોઇએ.

મોક્ષની માગણી કરનાર જીવે પોતામાં એ ગુણોની વ્યાપ્તિ છે કે નહિ એ સ્વયમેવ વિચારવું. સમ્યક્ત્વ તો તે પછી આવે છે. એ ગુણો નીચે મુજબ છેઃ—

" ન્યાયથી દ્રવ્યોપાર્જન, સપ્ત વ્યસન ત્યાગ તથા અભક્ષ્ય ભક્ષણ અને અપેયપાનવર્જન, સમાન ધર્મ તથા આચારવાળા સાથે વિવાહકરણ, સર્વ પ્રકારે પાપભીરૂતા, દેશાનુસાર વર્તન, પરનિંદા ત્યાગ, અનેક દ્વારવાળા ગૃહમાં વાસનો ત્યાગ, સારા પાડોશવાળા ગૃહમાં વાસ, અતિ ગુપ્ત તથા અતિ પ્રગટ ગૃહમાં વાસનો ત્યાગ, ગુણી જનોની સંગતિ, માતા પિતાને અનુકૂળ વર્તન, ભયવાળા સ્થાનનો ત્યાગ, વિત્ત પ્રાપ્તિ અનુસાર વ્યય, ધન અનુસાર વસ્ત્રાભૂષણ પરિધાન, શાસ્ત્ર શ્રવણમાં એક ચિત્તતા, ક્ષુધાનુસાર આહાર કરણ, અકાળ ભોજન વર્જન, પરસ્પર અબાધિતપણે ધર્મ, અર્થ અને કામ એ પુરૂષાર્થ ત્રયનું સાધન, ગુણીજનનો પક્ષપાત, મુનિજનોનું આતિથ્ય, જિનમતમાં રાગ, પ્રવેશ નિષેધ દેશમાં ગમનનો તથા અકાલે કાર્ય કરણનો ત્યાગ, ધર્મીજન અનુસરણ, સ્વકુટુંબ પાલન પોષણ, શુભાશુભ કાર્યારંભ પૂર્વે પરિણામ ચિંતવન, વિશેષજ્ઞતા, લોકપ્રિયતા, લજ્જાળુતા, દાક્ષિણ્યતા, વિનીતતા, દુઃખી જનોપર અનુકંપા, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા મત્સર એ ષડ્રિપુનો જય, કૃતજ્ઞતા, અને પંચેંદ્રિય વશીકરણ. "

આ ગુણોના વિવરણમાં ઉતરવાનો અત્ર પ્રસંગ નથી પણ એ બાબત સૂક્ષ્મ વિચાર કરતાં જણાશે કે તેઓ આપણો વ્યવહાર તથા ધર્મમાર્ગ બન્ને સુધારનારા છે. જેઓમાં એ ગુણો ન હોય તેઓ મોક્ષમાર્ગથી બહુ દૂર ગણાય. એવા જીવો ધર્મને લાયક જ ન થઇ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગુણોની પ્રાપ્તિ થયા બાદ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જીવને યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણ કરવાં પડે છે. જેમ ગિરિ ઉપરથી નીચે વહન થતી સરિતાગત પાષાણુ અથડાતો કુટાતો સ્વયમેવ ગોળાકૃતિવાળો બની જાય છે તેમ કોઇ ભવિતવ્યતા વિશેષ યોગે, વિશુદ્ધ ચિત્તવૃત્તિવાન જીવ, હલુ કર્મી થઇ, આયુષ્ય વિના શેષ કર્મની કિંચિત્ ન્યૂન એક કોડા કોડી સાગરોપમ સ્થિતિવાળો થાય છે. તેને યથાપ્રવૃત્તિ કરણ કહે છે. બાદ અપૂર્વ કરણમાં પ્રવેશી જીવ ગ્રંથીભેદ કરે છે. બાદ અનિવૃત્તિ કરણમાં પેસે છે. જેમ જેમ તે પ્રગતિ કરે છે તેમ તેમ તેના અધ્યવસાય ( આત્મ પરિણામ ) વિશુદ્ધ, વિશુદ્ધતર અને વિશુદ્ધતમ થતા આવે છે. અહીં જીવ સમકિત પામે છે. ઉપર જે કરવાનું જણાવ્યું તે સર્વ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ તથા મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય આશ્રી સમજવું; એટલે એમ કરીને જે જીવ એ સાત પ્રકૃતિનો સત્તા તથા ઉદયમાંથી ક્ષય કરે તે જીવ આ કરણને પ્રાંતે ક્ષાયિક સમ્યક્ત્વ પામે છે. કોઈ જીવ એ સાત પ્રકૃતિ સત્તામાં એવી સ્થિતિની કરી મૂકે કે જે અંતર્મુહૂર્ત સુધી ઉદયમાં ન આવી શકે તે ઉપશમ સમ્યક્ત્વ પામે છે. કોઈ જીવને સત્તામાં એ સાતે પ્રકૃતિ રહે અને ઉદયમાં સમ્યક્ત્વ મોહનીયજ રહે તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે. એટલા ઉદયથી પણ જીવ તત્ત્વના યથાર્થ ભાસનમાં મુંઝાય છે. અને ક્ષાયિક તથા ઔપશમિક સમ્યક્ત્વ વાળા કાંઇ પણ મુંઝવણ વગર તત્ત્વનો યથાર્થ નિશ્ચય કરી શકે છે. "સત્તાગત કર્મ પ્રકૃતિ આત્મગુણને આવરી શકતી નથી; પણ તે ઉદયગત થાય છે ત્યારે આત્મગુણને યથાશક્તિ આવરે છે." એમ વિચાર કરતાં પ્રાયઃ સંભવિત થાય છે. એટલે ઔપશમિક સમ્યક્ત્વી જીવને પણ ક્ષાયિક સમ્યક્ત્વ જેવુંજ આત્મપ્રકાશ ઉપર અજવાળું હોય છે એમ કહેવાનો આશય છે. પરંતુ તેની સ્થિતિ બહુ અલ્પકાળની છે. જીવ આ સર્વ કેમ કરતો હશે ? તેનું યથાતથ્ય સ્વરૂપ આલેખવું એ આ પામર લેખિનીથી બહુ અશક્ય છે. એ વાગ્ગોચર નથી, અનુભવ ગોચર છે, અગમ્ય છે તેથી સ્થૂલ દૃષ્ટિથીજ ઉપરોક્ત રૂપ રેખા ચિતરવા પુરતોજ પ્રયત્ન સેવ્યો છે. એને માટે જીજ્ઞાસુએ મનનપૂર્વક ગ્રંથાદિનું અવગાહન કરવું એ વિનંતિ છે.

એથી કર્ત્તવ્યરૂપ જે પ્રાપ્ત થાય છે તે જોઇએ. અનંતાનુબંધી ચતુષ્કનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાની બાબતથી એ સૂચિત થાય છે કે સમ્યક્ત્વ પ્રાપ્તિના જીજ્ઞાસુ જીવે હરેક જીવ સાથે ક્રોધ, માન, માયા અને લોભના પ્રસંગો અને નિમિત્તો જેમ ઓછાં થાય તેવી સ્થિતિ અને તેવો વ્યવહાર અવલંબવો યુક્ત છે. અને દર્શન મોહનીયત્રિકના ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાના કથનથી કુદેવ, કુગુરૂ અને કુધર્મનું ભૂલેચૂકે અજાણપણે કે દાક્ષિણ્યતા યોગે પણ પૂજન, સેવન કે આરાધન ક્યારે પણ ન થાય એ ધ્યાનમાં રાખી તેવું વર્તન કરવું એમ સમજવા યોગ્ય છે. એ અવલંબન અને આ વર્તનની ઉપયોગપૂર્વક ટેવ પાડવાથી જીવ સહજ સમ્યક્ત્વ સન્મુખ થઈ શકે છે.

ઉપર જણાવેલાં ત્રણ સમ્યક્ત્વના ભેદ છે. તેમ બીજા રોચક, કારક અને દીપક વિગેરે પણ સમ્યક્ત્વના ભેદ છે. વ્યવહાર સમકિત નિશ્ચય સમ્યક્ત્વના કારણરૂપ કાર્ય બજાવે છે. દેવાદિ ત્રણ તત્ત્વ આરાધવાની ઈચ્છા થાય તે રોચક, શાસ્ત્ર કથન મુજબ યથાર્થ ધર્મ આરાધાય તે કારક અને અન્ય આગળ એ તત્ત્વત્રયના મહિમાનું પ્રરૂપણ માત્ર થાય તે દીપક સમ્યક્ત્વ કહેવાય છે. એ સમ્યક્ત્વ અભવ્ય જીવને હોય છે અને તે સ્વોપકાર ન કરતાં પરોપકાર કરવા જેટલુંજ કાર્ય કરે છે.

ક્ષાયિક સમ્યક્ત્વ સૌથી શ્રેષ્ઠ છે. એ પ્રાપ્ત થયા પછી જતું નથી, અપ્રતિપાતી છે. એ યોગે જીવ બહુ તો ત્રીજે ચોથે ભવે સિદ્ધિપદ પામે છે. ઉપશમ સમ્યક્ત્વની સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. તે આખા ભવચક્રમાં ( મોક્ષ જતાં સુધીમાં ) પાંચ વખત આવે છે અને ક્ષયોપશમ સમ્યક્ત્વ અસંખ્ય વાર આવે છે. તેની ઉત્કૃષ્ટ સ્થિતિ છાસઠ સાગરોપમ સાધિક હોય છે. એ સમ્યક્ત્વવાળા જીવો સમકિત વમે નહીં તો વધારેમાં વધારે સાત આઠ ભવ કરી મોક્ષે જાય છે. એની અંતર્મુહૂર્તની પ્રાપ્તિ પણ અનંત પુદ્ગલ પરાવર્ત્ત સંસાર ઘટાડી ફક્ત વધારેમાં વધારે અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત સંસાર પરિભ્રમણમાં જીવને લાવી મૂકે છે.

જે જીવને આત્મતત્ત્વ સંબંધી સચોટ નિર્ધાર થાય છે તે એમ માને છે કે આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મોનો કર્ત્તા છે, આત્મા સ્વકૃત કર્મોનો ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષના ઉપાયો છે. આ પ્રમાણે દૃઢ વિશ્વાસથી તે માને છે. પછી તેને કોઇ યુક્તિ પ્રયુક્તિથી છેતરવામાં આવે તોપણ તે પોતાના વિચારથી કદી પણ પતિત થતો નથી. તેને ધર્મરંગ અસ્થિ મજ્જા પરિણત ( હાડોહાડ લાગેલો ) હોય છે. તેનું આત્મ વીર્ય બહુ મજબૂત હોય છે. તે છાતી ઠોકીને કહેછે કે જિન અને જિનમત વિના અન્ય સર્વ વિતથ છે અને આજ સર્વ સત્ય છે. આવી દૃઢ શ્રદ્ધા થયા પછી એ જીવ જે જે અભ્યસે છે તે તે સર્વ સમ્યક્ થાય છે—સત્ય જ્ઞાનરૂપે પરિણમે છે અને જે જે આચરે છે–ક્રિયા કરે છે તે તે સર્વ ફળવતી થાય છે. એની મજા–એનો આનંદ અલૌકિક જ છે. એ કરતી વખતે ખેદ કે કંટાળો લેશ પણ આવતો નથી. એ કરી, કેવળ આત્માને કર્મથી મુક્ત કરવાનીજ તેની ભાવના હોય છે. એ અર્થેજ સર્વ ઉપાયો—સાધનો એ સેવે છે. એ સુખ અનુભવનાર શ્રીમંતો, નૃપો અને ચક્રવર્તીઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ રંક સમાન લેખે છે. તેને અન્ય પૈદ્ગલિક સુખની કાંઈજ વાંછા હોતી નથી.

સમ્યક્ત્વ એ મોક્ષ સુખની વાનકી-નમુનો છે. એના અસ્તિત્વમાં જીવ વૈમાનિક દેવ ગતિનું આયુષ્ય બાંધે છે. સંસાર વ્યવહારમાં વર્ત્તતાં તે ધન, કુટુંબ આદિમાં રાચી ન રહેતાં "હું એકલો છું, મારૂં કોઈ નથી, હું કોઇનો નથી, સંસારમાં હું એકલોજ આવ્યો છું, પુન્ય પાપ સહિત એકલોજ જવાનો છું, અન્ય કોઇ સાથે આવવાનું નથી કે કોઈ પણ ભવાંતરમાં દુઃખ વખતે સહાયક કે એમાંથી મુક્ત કરનાર થવાનું નથી." ઇત્યાદિ સુવિચારો નિત્ય હૃદય સન્મુખ રાખી તે શુભ પરિણામે સંસારમાં વર્ત્તે છે અને તે કર્મબંધનો ઘણો ઓછો કરે છે. સંસારમાં તે સુખજ માનતો નથી. દેવ પૂજા તથા પ્રતિક્રમણ અવસરે તેને જ્યારે અને ત્યારે અશ્રુપાત થાય છે. સુખ તથા દુઃખના ઉદયે તે દ્રષ્ટા રૂપે રહે છે અને તેની માનસિક સ્થિતિમાં તેથી જરાપણ વિક્ષોભ થતો નથી. ત્યાં સમતાનું અખંડ સામ્રાજ્ય પ્રવર્ત્તે છે. કવચિત્ તે હર્ષના આવેશમાં આવી જઇ "**અબહમ અમર ભયે ન મરેંગે,-ચિદાનંદ ઘન સુજસ વિલાસી કેમ હોય જગનો આશી,-પણ તુમ દરશન યોગથી, થયો હૃદયે હો અનુભવ પરકાશકે, અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશકે. પરમાતમ પૂરણ કલા**" ઇત્યાદિ ઉદ્ગારો સાચા સમ્યક્ત્વની પ્રાપ્તિદર્શક કહે છે. ધર્મથી ઉત્પન્ન થયેલા ભોગ સુખ તેને અનિષ્ટ લાગે છે અને જગત્-નો વ્યવહાર તેને બાળક ધૂળ ઉડાડે તેના જેવી રમત ગમત જેવો લાગે છે. છતાં તે પાલવા પોષવા યોગ્યની ઉપેક્ષા તો કરતોજ નથી પણ વિશેષમાં માતા પિતા આદિ વડીલ જનોને ધર્મની પ્રાપ્તિ કરાવી મોક્ષ માર્ગમાં જોડી તેઓના ઋણથી મુક્ત થાય છે. એ ગુણનો મહિમા અવર્ણનીય છે. જે જીવને એની પ્રાપ્તિ થઇ નથી તેઓ બીચારા અહંતા અને મમતામાંજ સર્વસ્વ માની જીંદગી બરબાદ કરે છે. એ ગુણની પ્રાપ્તિ બહુ દુર્લભ છે, છતાં એ વિના આત્મોન્નતિમાં આપણું ગાડું આગળ ચાલી શકતું નથી એ ભુલી જવું જોઇતું નથી.

સમ્યક્ત્વવાન્ જીવ સર્વ જીવોને મિત્ર ગણી તેમનું સદા હિત કરવામાંજ તત્પર હોય છે. કદાચ કોઇથી તેનું અહિત થાય તોપણ તેના ઉપર રોષ નહિ કરતાં 'કર્મના ઉદયથી મને આમ થાય છે, અન્ય કોઇ કાંઇજ કરી શકતું નથી' એમ વિચારી સામા મનુષ્યનું મનથી પણ તે અહિત ચિંતવતો નથી. 'જગત્માં મારે કોઇ શત્રુ નથી, જો કોઇ હોય તો તે કર્મજ છે' એમ તે માને છે. તે જીવ સદા દુઃખી જીવનું દુઃખ દૂર કરવા પ્રયત્નશીલ હોય છે અને બની શકે તેવી તન, મન કે ધનથી સહાય આપે છે. પરને સુખી જોઈ તે ખુશી થાય છે. 'સર્વે સુખી થાઓ, કોઈ દુઃખી ન રહો' એવી તેની સદા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવના હોય છે. ગુણીજનોને જોઇ તેની રોમરાજી હર્ષથી વિકસ્વર થઇ ઉલ્લસિત થઇ જાય છે, યાવત્ તેનો દાસ થઇ જાય છે અને તેની ઉપાસના કરવા મંડી પડે છે. ઇર્ષ્યાનો કે મત્સરનો તો તેનામાં અવકાશ—સદ્ભાવજ હોતો નથી. અતિ પાપી જીવ ઉપર પણ તે દ્વેષ ન કરતાં તેને સુધારવા યથાશકિત પ્રયાસ કરે છે. પ્રાણી કર્મવશ છે એમ જાણી તેની હૃદયમાં દયા ચિંતવે છે. અને પ્રયાસ કરતાં પણ ન સુધરે તો પોતે દુઃખી થઇ લાચારીથી તેની ઉપેક્ષા કરે છે પણ તેની નિંદા તો કયારે કરતોજ નથી. એ કરવાનો મને હક જ નથી એમ તે માને છે.

એ સમ્યક્ત્વનું યથાર્થ સ્વરૂપ **ઉપાધ્યાયજી શ્રીમદ્યશોવિજયજી મહારાજે** સમકિતની સડસઠ બોલની સજ્ઝાયમાં સારી રીતે વર્ણવેલું છે. વાંચક બંધુને સ્વલ્પ પ્રયાસે શિઘ્ર બોધ થવા તે કંઠાગ્ર કરી નિરંતર તેનું મનન રાખવા સાદર ભલામણ કરવી બહુ જરૂરની ગણું છું. જેથી એ તરફ આપણું લક્ષ્ય તાજુંજ રહ્યા કરે. મ્હેસાણે જૈન પાઠશાળાના વ્યવસ્થાપક મહાશયને લખવાથી એ બુક બહુજ અલ્પ મૂલ્યે મળી શકે છે.

એ ગુણપ્રાપ્ત જીવને શાસ્ત્ર શ્રવણ અતિ પ્રિય હોય છે. તેથી તેમાં એને કંટાળો કે નિદ્રા આવતી નથી પણ આવતી હોય તો દૂર થઇ જાય છે. દિવ્ય સંગીતથી જેટલો આલ્હાદ થાય તેથી અતિ ઘણો આલ્હાદ તેને શાસ્ત્રશ્રવણથી થાય છે. શર્કરા તથા દ્રાક્ષથી અતિ ઘણો રસ તેમાંથી તેને મળે છે. અટવી ઉતરેલો ક્ષુધાતુર બ્રાહ્મણ જેમ ઘેવર જોઇ ખાવાની ઇચ્છા કરે તેટલીજ ઇચ્છા એ જીવને આત્માને કર્મથી મુકત કરવા માટે હોય છે. દેવગુર્વાદિનું વૈયાવૃત્ત્ય—સેવા ભકિત વિદ્યા સાધનાર પુરૂષની જેમ પ્રમાદરહિતપણે તે કરે છે. પ્રભુભકિતથી જો વાંછિત ન ફળ્યું તો અન્ય કશાથી તે ફળવાનુંજ નથી એમ સમજી વ્યર્થ દોડધામ કરવી છોડી દે છે અને વિશેષ વિશેષ પ્રભુભકિતજ કરે છે; એમ માનીને કે પ્રભુ ભકિતથીજ સર્વ ફળવા યોગ્ય છે. તેના શરીરને કોઇ છેદન ભેદનથી તીવ્ર વેદના ઉત્પન્ન કરે તો પણ શ્રી તીર્થંકર વિના અન્ય દેવને તે નમન કરતોજ નથી. "નમવા યોગ્ય એક શ્રી વીતરાગજ છે, તેથી અન્ય દેવને નમન એ શ્રી વીતરાગ પ્રભુને અપમાન પહોંચાડનાર છે." એમ તે સમજે છે. તેનામાં ક્ષમા ગુણ મુખ્ય હોય છે. બાહ્ય નિમિત્તોથી પણ તેની શાંત પ્રકૃતિમાં કયારે પણ વિકૃતિ થતી નથી. તે દેવ સુખ તથા નરેંદ્ર સુખને દુઃખજ માની માત્ર એક મોક્ષસુખનેજ ચાહે છે. તેને ખાત્રી થયેલી હોય છે કે પ્રથમનું સુખ ક્ષણિક, વિનશ્વર અને પરિણામે દુઃખ કરનારૂં છે; જ્યારે શાશ્વત, અવિનાશી અને અવ્યાબાધ સુખ તો મોક્ષમાંજ છે અને એવો તેને અનુભવ થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાથી સાચા સુખ તરીકે તેનેજ સ્વીકારે છે. નારકી જીવ નરકમાંથી અને કેદી કારાગૃહમાંથી જેમ છૂટવા બહુ બહુ ઇચ્છે છે તેમ વારંવાર અતિ દુઃખના નિઃશ્વાસ મૂકતો તે જીવ સંસારથી છૂટવા-ભવ ભ્રમણથી મુક્ત થવા ઇચ્છે છે. સદા ઔદાસીન્યતા અને વૈરાગ્યમાં વર્ત્યા કરે છે. તે અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી સંસાર છોડી ત્યાગ યોગ ગ્રહણ કરી શકતો નથી પણ સંસારમાં તેને ક્યાંઇ પણ ચેન પડતું નથી અને જ્યાં ત્યાં અને જેમાં તેમાં તે દુઃખ, તાપ અને ત્રાસજ જુએ છે. તે ધર્મહીન જીવોને જોઇ અનુકંપા લાવી તેઓ બીચારા કર્મથી ક્યારે મૂકાય? શાસન રસિક કેમ થાય ? એવી ચિંતા કરે છે અને એઓને એ ભાવ દુઃખથી મુક્ત કરવા પ્રયત્ન સેવે છે, ઉપદિશે છે અને ધર્મમાં સ્થિર કરે છે. 'શ્રી તીર્થંકર ભાષિત સર્વ સત્યજ છે, એમાં જેટલું મારાથી સમજાતું નથી તેટલા પૂરતી મારી શક્તિ-નીજ ખામી છે' એવા વિચારથી તેનું ચિત્ત સદા દૃઢ રીતે વાસિત થઇ રહેલું હોય છે. તેની અહંતા અને મમતા આત્મામાંજ પર્યવસાન પામેલી હોય છે. 'હું એટલે મારો આત્મા અને તેમાં રહેલા ગુણો તેજ મારા' એમ તે વિવેક પૂર્વક સ્વપરની વહેંચણ સાથે સમજે છે અને તેથી 'હું મને ઉપાદેય છું અને મારાથી અતિરિક્ત સર્વ હેય-ત્યાજ્ય છે' એમ તેનો નિશ્ચય હોય છે અને પ્રવૃત્તિ પણ સદા તદનુકૂળજ કરે છે. આ સર્વ સમ્યક્ત્વવાન્ જીવની સ્થિતિ છે અને તે નિરંતર વિચારણીય છે.

મોક્ષરૂપી મહેલ ઉભો કરવા માટે સમ્યક્ત્વરૂપી પાયો મજબુત જોઇએ. કેમકે પાયો કાચો હોય તો તેના ઉપર ચણેલી ઇમારત સુંદર હોય તોપણ તુટી પડે છે. દરેક મુમુક્ષુ જીવને સમ્યક્ત્વ મેળવવાની કેટલી મોટી આવશ્યકતા છે એ સમજાવવા હવે બહુ લંબાણની જરૂર જણાતી નથી. ટુંકામાં કહીએ તો એની દૃષ્ટિ એવી નિર્મળ થઈ જાય છે કે તે દરેકમાં સારૂંજ-શ્વેત બાજુજ-ગુણોજ જુએ છે પણ કાંઇ પણ મલિન-કૃષ્ણ બાજુ-અવગુણો તેની દૃષ્ટિએજ પડતા નથી. એથી એવો જીવ સમ્યગ્ દૃષ્ટિ કહેવાય છે. એ દૃષ્ટિની પ્રાપ્તિ માટે કાંઇ પ્રયાસ થાય, લક્ષ્ય પર લેવાય તો લેખની સાફલ્યતા છે.

"આપણને અને સૌને એવી સમ્યગ્ દૃષ્ટિ સત્વર પ્રાપ્ત થાઓ" એવું અંતઃકરણથી ઇચ્છી, અંતર્મુખ થવાનું યાચી-પ્રાર્થી અત્ર વિરમું છું.

વીતરાગ ચરણોપાસક.
દુર્લભદાસ કાલિદાસ.
સાંગરોળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आगम प्रकाशन कार्य.

## ( तत्त्वार्थाधिगमनी समालोचना ).

જૈનાગમો–જૈનસિદ્ધાંતો તમામ ટીકા તથા અર્થ સાથે આ–હરેક પક્ષ–મત-વાળા રાજી રહે તે રીતે પ્રગટ કરવાનું કાર્ય અમદાવાદમાં ખાસ તે નિમિત્તે સ્થાપન થયેલી સંસ્થા તરફથી કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ કાર્યથી અનેક પ્રકારની હાની છે એમ અમે પ્રથમ બે લેખો લખીને સિદ્ધ કરી બતાવ્યું છે. તેમાં મુખ્ય હેતુ નીચે પ્રમાણેના છે.

૧ જૈનાગમો વાંચવાની શ્રાવકને માટે મનાઈ કરવામાં આવી છે તે આજ્ઞાનું આમાં ઉલ્લંઘન થાય છે. એવી આજ્ઞા સહેતુક છે, તેને માટે અનેક પ્રમાણો છે.

૨ મુનિને પણ અમુક દીક્ષા પર્યાયે અમુક સૂત્ર વાંચવું તે આજ્ઞાનો પણ લોપ થાય છે.

૩ છેદ સૂત્રો વાંચવાની બહુશ્રુતોનેજ આજ્ઞા છે તેનો પણ આ કામથી લોપ થાય છે.

૪ સૂત્ર અને તેની ટીકા વિગેરેના પૂર્ણ અનુભવી શિવાય મૂળ કે ટીકા પણ શુદ્ધ તૈયાર થઈ શકે તેમ નથી; તેમાં વળી તેમના અનુભવી સર્વે મુનિ મહારાજાઓ તો આ કાર્યમાં અસંમત છે.

૫ મૂળનો ને ટીકાનો ગુજરાતી કે હિંદીમાં અર્થ પણ છપાવવાની ધારણા છે. તે અર્થ કોઈ પણ રીતે શ્વેતામ્બર આમ્નાયના સૂત્રો, પંચાંગી અને ગ્રંથાદિકના અનુભવી શિવાય બની શકે તેમ નથી અને તેવા અનુભવીઓ આ કાર્યમાં સંમતજ નથી, તો પછી બીજા પંડિતો કે શાસ્ત્રીઓથી તેવા અર્થો થવાનો તો સંભવજ કયાંથી? એમના અભાવે આ સંસ્થા જેમની પાસે અર્થ કરાવવા ધારે છે તેઓ એટલા બધા જૈન શૈલીથી અજ્ઞાત છે કે તેઓ અર્થનો અનર્થજ કરનારા છે એમ અનેક પ્રમાણોથી સિદ્ધ થઇ શકે તેમ છે.

ઉપર જણાવેલા કારણોને લઈને અમે આ કાર્ય પ્રત્યે અમારો વિરૂદ્ધ મત પ્રદર્શિત કર્યો છે, અને તે સાથે તેમણે હિંદી અનુવાદ કરવા માટે યોજેલા શાસ્ત્રીઓ કેટલા બધા અજ્ઞાન છે, અને જૈન ગ્રંથોના અર્થ કરવામાં તેઓ કેટલું બધું અજ્ઞાનપણું બતાવે છે તેમજ વિપરીત અર્થ કરે છે તે અમે **દ્રવ્યાનુયોગતર્કણા** જે પરમશ્રુતપ્રભાવકમંડળના નામથી હિંદી અનુવાદ સાથે બહાર પાડવામાં આવેલ છે અને જે મંડળના આ સંસ્થાના આગેવાનો અનુયાયી છે, તે દ્રવ્યાનુયોગતર્કણાના હિંદી અનુવાદમાંથી માત્ર પ્રથમના ૫–૭ પાનામાંથી પુષ્કળ ભૂલો બતાવીને સિદ્ધ કરી આપેલ છે. આ વખતે તેજ મંડળ તરફથી બહાર પાડવામાં આવેલા સભાષ્ય તત્ત્વાર્થાધિગમસૂત્રના હિંદી અનુવાદમાં વ્યાકર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય તરીકે ગણાતા પંડિત ઠાકુરપ્રસાદ શર્માએ કેવી અને કેટલી ભૂલો કરી છે તે સંક્ષેપમાં બતાવવા માગીએ છીએ.

પ્રારંભની સંબંધ કારિકામાં ત્રીજો શ્લોક આ પ્રમાણે છેઃ—

परमार्थालाभेवा, दोषेष्वारम्भकस्वभावेषु ।
कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म ॥३॥

આનો અર્થ આ પ્રમાણે લખ્યો છે—" यदि मोक्षरूप परमार्थका लाभ नहो, तथा जन्मके आरम्भकारी कषायरूप दोषोंकी अस्तितामें, ऐसा प्रयत्न करना चाहिये कि, जिस्से कुशल अर्थात् शुभ प्रयोजन सहित, और निन्दारहित ही कर्म हो. ३" આ અર્થ કેવો યથાર્થ છે તે સંસ્કૃત ભાષાના વિદ્વાનો વિચારી શકે તેમ છે. એમાં अनवद्य શબ્દનો અર્થ નિન્દારહિત કર્યો છે તેપર ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

તેનો ૧૩ મો શ્લોક આ પ્રમાણે છે—

शुभसाररसत्त्वसंहननवीर्यमाहात्म्यरूपगुणयुक्तः ।
जगति महावीर इति त्रिदशैर्गुणतः कृताभिख्यः ॥१६॥

આનો અર્થ આ પ્રમાણે લખ્યો છે—" तथा शुभ, सार, सत्व, संहनन ( शरीर रचना विशेष ) वीर्य, और माहात्म्य रूप गुणोंसे युक्त, तथा त्रिदश ( अर्थात् शास्त्रोक्त तीस ) गुणो सहित जगतमें महावीर स्वामी इस नामसें प्रसिद्ध ( इक्ष्वाकु वंशमें उत्पन्न हुये. ) १३."

આના ઉત્તરાર્ધના અર્થમાં કેટલો બધો વિપરીત અર્થ કર્યો છે. **त्रिदश** **શબ્દ** દેવતા વાચક છે, એટલી પણ જેને ખબર નથી અને વર્ધમાન સ્વામીનું **મહાવીર** એવું નામ દેવતાઓએ આપેલુંછે એટલી કથાનુવાદની પણ જેને ખબર નથી તે જૈન ગ્રંથોના અને સૂત્રોના ભાષાંતર કરીને શું સત્ય પ્રગટ કરશે અથવા કેટલો અનર્થ કરશે તે વિચારવા જેવું છે. ઉત્તરાર્ધનો ખરો અર્થ એવો છે કે " દેવતાઓએ ગુણોવડે કરીને મહાવીર એવું જેમનું નામ જગત્માં પ્રસિદ્ધ કર્યું છે એવા. " આ અર્થનો તેમના કરેલા અર્થ સાથે મુકાબલો કરી જોવો.

પંદરમા શ્લોકના ચોથા પાદમાં કહ્યું છે કે—**शमाय धीमान् प्रवव्राजः** એનો અર્થ કર્યો છે કે—' शांति के लीये वनमें चले गये. ' એમાં વનમાં ચાલ્યા ગયાની વાતજ નથી. ' શમના હેતુ માટે બુદ્ધિમાન્ પરમાત્માએ દીક્ષા અંગીકાર કરી ' એ હકીકત છે. છતાં પોતાને અનુકૂળ અર્થ કરી દીધો છે.

૧૭ મા શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું છે કે—

मोहादीनि निहत्याशुभानि चत्वारि कर्माणि ॥ १७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનો અર્થ કર્યો છે કે—" માન, મોહ, લોભ તથા માયા ઇનચાર અશુભ કર્મોકા સર્વથા ઘાત કરકે-૧૭." જુઓ આ અર્થ ! જેને મોહનીયાદિ ચાર ઘાતિકર્મની પણ ખબર નથી અને તે ચાર ઘાતિકર્મોનો ક્ષય કરવાથી કેવળ જ્ઞાન પામે છે એટલા ચરિત્રાનુવાદની પણ ખબર નથી તે સાચા અર્થ શી રીતે કરે ? મોહાદિ ચારમાં પણ પોતાને ઠીક લાગ્યા—મનમાં આવ્યા એવા અસ્તવ્યસ્ત ચાર નામ લખી દીધા છે. અહીં તો મોહનીયની સાથે આદિ શબ્દથી જ્ઞાનાવરણી, દર્શનાવરણી અને અંતરાય એ ત્રણ કર્મ લેવાના છે, એટલે તે ત્રણ સહિત કરતા ચાર અશુભ કર્મો—ઘાતિકર્મો—આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરનારા કર્મો, તેને હણી નાખીને એટલે સર્વથા ખપાવી દઇને—સત્તામાંથી પણ નાશ કરી દઇને ( કેવળ જ્ઞાન પામ્યા ) એવો અર્થ છે. તેની સાથે પંડિતજીના કરેલા અર્થને મેળવી જોશો. આગળ અને પાછળ આ સંબંધકારિકામાં અર્થ કરતાં એટલી બધી ભૂલો કરી છે કે તે બધી ભૂલો બતાવવા જતાં તે બુક કરતાં આ લેખનું પ્રમાણ વધી જાય. તેથી તે વિષે અહીં વિસ્તાર કરતા નથી.

પૃષ્ઠ ૬ પંક્તિ ૭ માં લખ્યું છે કે—**पूर्वलाभे भजनीयमुत्तरं । उत्तरलाभे तु नियतः पूर्वलाभः ।** તેનો અર્થ—" ઇનમેંસે પૂર્વકા લાભ હોનેસે ઉત્તરકો પ્રાપ્ત કરના ચાહિયે, ઔર ઉત્તરકે લાભમેં તો પૂર્વકા લાભ અવશ્યહી નિયત હૈ." આ પ્રમાણે કર્યો છે. તેમાં **भजनीयं** પદનો અર્થ ન આવડવાથી 'ચાહિયે' એવો અર્થ કર્યો છે. ખરો અર્થ એ છે કે " પૂર્વનો લાભ થયે સતે ઉત્તરના લાભની ભજના છે એટલે પૂર્વ જે સમકિત તેનો લાભ થયે સતે ઉત્તર જે જ્ઞાન અને ચારિત્ર તેનો લાભ થાય કે ન થાય. અને ઉત્તર જે સમ્યગ્ જ્ઞાન તેના લાભથી પૂર્વ જે સમ્યગ્ દર્શન તેનો અને તેથી ઉત્તર જે સમ્યગ્ચારિત્ર તેના લાભથી સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાનનો લાભ અવશ્ય થાયજ."

પૃષ્ઠ ૨૬ માં મનઃપર્યાય જ્ઞાનનો વિષય કહેતાં અવધિજ્ઞાનથી અનંતમે ભાગે મનઃપર્યાયનો વિષય છે એમ કહ્યું છે. તેની ભાષ્ય આ પ્રમાણે છે—**अवधिज्ञानविषयस्यानन्तभागं मनःपर्यायज्ञानी जानीते रूपिद्रव्याणि मनोरहस्यविचारगतानि च मानुष्यक्षेत्रपर्यापन्नानि विशुद्धतराणि चेति ।** આનો અનુવાદ "અવધિજ્ઞાનકે વિષયકે અનંતમે ભાગકો મનઃપર્યાયજ્ઞાની જાનતા હૈ. ઔર રૂપી દ્રવ્યોંકો ભી જો મનમેં રહસ્ય શુભ ભાવકો પ્રાપ્ત માનુષ્ય ક્ષેત્રમેં અવસ્થિત હૈ, ઉનકો જાનતા હૈ. ઔર માનુષ્ય ક્ષેત્રમેં સ્થિત વિશુદ્ધતર રૂપી દ્રવ્ય હૈ, ઉનકો મનઃપર્યાયજ્ઞાની જાનતા હૈ."

આ અર્થ કેવો ઢંગધડા વગરનો કર્યો છે તે જોવાનું છે. મનઃપર્યાય જ્ઞાનીનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષય કેટલો છે ને કેવો છે તે ખબર ન હોવાથી જેમ આવડ્યું તેમ લખી દીધું છે. તેમાં છેલ્લું વાક્ય તો તદ્દન ભૂલ ભરેલુંજ લખ્યું છે. એનો ખરો અર્થ એ છે કે 'અવધિજ્ઞાનના વિષય કરતાં મનઃપર્યાય જ્ઞાની અનંતમા ભાગ જાણે છે.' શું જાણે છે? તો કહે છે "મનુષ્ય ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રીય જીવોએ મનપણે પરિણમાવેલા અને રૂપી એવા વિશુદ્ધતર મનોદ્રવ્યને જાણે." આ અર્થનો ઉપર બતાવેલા અર્થ સાથે મુકાબલો કરી જોવો.

પૃષ્ટ ૨૮ પંક્તિ ૧૮ માં કોઈ જીવને મતિ શ્રુત બે જ્ઞાન થાય છે એમ લખીને 'અથવા મતિ અવધિ, મતિ મનઃપર્યાય હોતે હૈ.' એમ લખ્યું છે. તે તેમનું અજ્ઞાનપણું બતાવે છે. કારણ કે એ પ્રમાણે બે જ્ઞાન થતાજ નથી. અવધિ ને મનઃપર્યાય જ્ઞાન મતિ શ્રુતવાળાને જ થાય છે.

પાંચ શરીરના સ્થિતિકૃત વિશેષને પ્રસંગે પૃષ્ટ ૫૯ ની નોટમાં લખ્યું છે કે—"તથા સ્થિતિકૃત ભી વિશેષ હૈ. જૈસે ઔદારિકકી જઘન્ય અર્થાત્ સબસેં ન્યૂન સ્થિતિ અંતર્મુહૂર્ત પર્યંત હૈ ઔર ઉત્કર્ષ અર્થાત્ અધિકસેં અધિક ૩૩ સાગરોપમ પર્યંત સ્થિતિ હૈ." આમાં ઔદારિકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩ પલ્યોપમની લખવી જોઈએ અને વૈક્રિયની ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ લખવી જોઈએ. આ સ્થિતિકૃત વિશેષમાં બીજી પણ ભૂલ છે. ને આહારક શરીરની તેમજ ઔદારિક શિવાય બીજા શરીરની જઘન્ય સ્થિતિની વાત બીલકુલ રહી ગઈ છે. આ બધો અલ્પજ્ઞતાનો પ્રભાવ છે.

પૃષ્ટ ૬૪ માં—**रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभाभूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठाः सप्ताधोऽधः पृथुतराः**

આનો અર્થ—રત્ન પ્રભા, શર્કરા પ્રભા, વાલુકા પ્રભા, પંક પ્રભા, ધૂમ પ્રભા, તમઃ પ્રભા, ઔર મહાતમઃ પ્રભા યે સાત પૃથિવી અધો અધો ભાગમેં ઘનવાત અંબુવાત, તનુવાત તથા આકાશ પ્રતિષ્ઠિત હૈ આ પ્રમાણે કર્યો છે.

આ અર્થની અંદર **घनाम्बु** શબ્દનો અર્થ ન આવડવાથી 'ઘનવાત ને અંબુવાત' કર્યો છે. તનુવાત ઉપરથી લીધો છે અને **पृथुतराः** નો અર્થ મૂકી દીધો છે. એનો ખરો અર્થ—"**घनाम्बु** એટલે ઘનોદધિ, વાત શબ્દે ઘન વાત ને તનુવાત તથા આકાશ ઉપર રહેલી અને સાતે પૃથ્વી નીચે નીચે વધારે વધારે પહોળી છે." આ પ્રમાણે છે. જો તેનીજ ભાષ્યમાં સ્પષ્ટ કહેલું છે તે જોયું હોત તો તરતજ સમજાત. ભાષ્ય લખ્યા પછી તેનો અર્થ લખવામાં પણ ઉપર પ્રમાણેનો જ ગોટાળો કર્યો છે. **घनाम्बुवाताकाशप्रतिष्ठाः** નો અર્થ—ઘનવાત, અમ્બુવાત તથા આકાશ પ્રતિષ્ઠિત અર્થાત્ ઘનવાત, અમ્બુવાત, તનુવાત તથા આકાશકે આધારપર હૈ. આમ લખ્યો છે. પોતાનાજ લખેલા અર્થમાં પણ પોતે પૂર્વાપર શું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખેછે તેના પર ધ્યાન આપ્યું નથી; કારણકે ઉપર જણાવેલા વાકયને સ્પષ્ટ કરતાં ભાષ્યકારે ત્યારપછી કહ્યું છે કે–**खरपृथिवी पङ्कप्रतिष्ठा, पङ्को घनोदधि-वलय प्रतिष्ठो, घनोदधिवलयं घनवातवलयप्रतिष्ठं, घनवातवलयं तनुवातवलय प्रतिष्ठं, ततो महातमोभूतमाकाशं ।** આનો અર્થ તેમણે કર્યો છે કે–" ખર (શુદ્ધ) પૃથિવી તો પંક ( કીચડ ) પર પ્રતિષ્ઠિત હૈ, ઔર પંક ઘનોદધિ વલય પ્રતિષ્ઠિત હૈ. ઘનોદધિ વલય ઘનવાત વલય પ્રતિષ્ઠ (આધાર) હૈ, ઔર ઘનવાત તનુવાત ( સૂક્ષ્મવાયુ ) પ્રતિષ્ઠ હૈ. ઔર તનુવાત વલય કે પશ્ચાત્ મહાતમોભૂત ( અંધકાર પૂર્ણ ) આકાશ હૈ. " આ અર્થ તરફ પોતેજ દૃષ્ટિ કરી હોત તો મૂળ સૂત્રનો અર્થ પોતેજ ઉપર લખ્યો છે તેવો ભૂલ ભરેલો લખત નહીં. પણ એમ પૂર્વાપર જોવું શું કામ પડે ? તપાસનાર કે પૂછનાર કોઈ મળે નહીં, એ-ટલે મહેનતનો બદલો મેળવીને અનુવાદ સોંપી દીધો. છપાવનાર છપાવીને બેઠા પછી શુદ્ધ, અશુદ્ધ કે ઠીકાઠીકનો વિચાર કરવાની જરૂર શી ?

આગળ પૃષ્ટ ૬૫મા માં પંકિત ૧૫ મીમાં ભાષ્યકારનો લેખ આ પ્રમાણે છાપેલો છે—**रत्नप्रभा घनभावेनाशीतंयोजनशतसहस्रं शेषा द्वात्रिंशदष्टाविंशति-विंशत्यष्टादशषोडशाष्टाधिकामिति** આમાં **घनभावेनाशीतंयोजनशतसहस्रं** એનો અર્થ ૧૮૦ હજાર યોજન થાય છે, તે ન જાણવાને લીધે તેમજ હકીકતના અજ્ઞાનપણાને લીધે અર્થ તદ્દન વિપરીત કર્યો છે. આનો અર્થ આ પ્રમાણે કર્યોછે–" રત્નપ્રભા પૃથિવી ઘનભાવસે તો અસ્સી લાખ યોજન હૈ ઔર શેષ પૃથિવી ક્રમસે બત્તીસ, અટ્ઠાઇસ, વીસ, અઠ્ઠારહ સોળહ, ઔર કુછ અધિક આઠલાખ યોજન ઘન ભાવસે હૈ " આ અર્થમાં કેટલી ભૂલ કરી છે તે તેનો ખરો અર્થ જાણવાથી સમજી શકાશે. આનો ખરો અર્થ એ છે કે–" રત્નપ્રભા પૃથિવી જાડપણામાં એક લાખ એંશી હજાર યોજન છે અને બીજી પૃથિવી ક્રમથી એક લાખ ઉપર બત્રીશ હજાર, અઠ્ઠાવીશ હજાર, વીશ હજાર, અઢાર હજાર, સોળ હજાર ને આઠ હજાર યોજન છે, એટલે બીજી શર્કરાપ્રભા એક લાખ ને બત્રીશ હજાર યોજન, ત્રીજી એક લાખ ને અઠ્ઠા-વીશ હજાર યોજન, યાવત્ સાતમી પૃથ્વી એક લાખને આઠ હજાર યોજન જાડ-પણામાં છે. "

આ પ્રમાણેના ખરા અર્થથી અનુવાદકારે પોતાના કરેલા અર્થમાં કેટલું વિપરીતપણું દર્શાવ્યું છે ? આવી રીતે ખરી હકીકતના અજ્ઞાત પંડિતમન્યો સ્વેચ્છા પ્રમાણે અર્થ લખે, અને તેને આધારે શીખનારા શીખે, તેમજ તે ઉપ-રથી પરીક્ષા આપે, એમાં ઉત્તરોત્તર ઉત્સૂત્રવાદ કેટલો પ્રસરે ? આનો સુજ્ઞોએ વિચાર કરવા યોગ્ય છે. આગમ પ્રકાશનમાં પણ આમજ થવાનું છે. અમને તો આ કરતાં પણ તેમાં વધારે વિપરીત થવાનો ભાસ થાય છે. તે એટલા કારણથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે એમાં તો વળી તે સંસ્થાના કાર્યવાહકોને દિગંબરી, સ્થાનકવાસી વિગેરે સર્વને રાજી રાખવાનો વિચાર છે; એટલે અર્થનો અનર્થ અને તે ઉપર શિખા વૃદ્ધિ પામશે. હજુ પણ તેના કાર્યવાહકોએ અનુવાદ કરાવવાનો વિચાર બંધ રાખવાની જરૂર છે. અનુવાદ તો ખરો થઇ શકવાનો જ નથી. તેના ઘણા કારણો છે તે અત્ર લખીને લેખ મોટો કરવાની જરૂર નથી. આટલા ઉપરથી પણ સમજાય તો ઘણું છે.

તત્ત્વાર્થાધિગમના અનુવાદમાં બીજી પણ પારાવાર ભૂલો કરેલી છે. તે અમે ક્રમે ક્રમે બતાવ્યા કરશું. એ અનુવાદની બુક કોઈપણ રીતે અભ્યાસ કરવામાં કે તે પરથી પરીક્ષા લેવામાં ઉપયોગી છેજ નહીં. એવો અસત્ય અભ્યાસ કરવો, કરાવવો તે કોઇપણ રીતે યોગ્ય નથી.

નાની નાની ભૂલોની ઉપેક્ષા કરતાં પણ મોટી મોટી ભૂલો બતાવવાને માટે આવા લેખો દશ પંદર લખી શકાય તેમ છે. અમે ક્રમસર તેને પ્રદર્શિત કરવાનો પ્રયત્ન માત્ર હિતબુદ્ધિથીજ કરવાના છીએ કે જેથી હવે પછી આવું કાર્ય કરીને કાર્ય કર્યું માનવામાં ન આવે અને ફરીને ભૂલ ન થાય. હાલ તો આટલુંજ લખીને લાગતા વળગતાનું ધ્યાન ખેંચીએ છીએ અને સૂચવીએ છીએ કે હજુ પણ સાહસ ન કરો, જુઓ, વિચારો, અર્થ કરનાર કોણ છે? તેનો કેવો ને કેટલો અભ્યાસ છે? તેના ખરાપણાની ખાત્રી કોણ આપે છે? ઇત્યાદિ બાબતનો વિચાર કરી આગળ પગલું ભરો કે જેથી તમે ઉત્સૂત્ર હકીકતના પ્રકટકર્ત્તા ન કહેવાઓ અને કોઇ ભદ્રિક માણસનું દ્રવ્ય અકાર્યમાં વપરાતું અટકે.

ઇત્યલમ્.

# स्थानकवासी भाइओने चेतवणी

## रामरासमां करेलो फेरफार.

**રામરાસ** કે જેમાં **રામચંદ્ર**નો અધિકાર છે અને જે **કવિ કેશરાજજી**નો કરેલો ગુજરાતી ભાષામાં ઢાળબંધ છે. તેનું નામ સ્થાનકવાસીઓ **રામરસ** પણ કહે છે તેના કર્ત્તાનું ખરૂં નામ **કેશરાજ મુનિ** છે. અને રાસનું નામ **રામયશોરસાયન રાસ** છે. આ રાસ વિજમતિ કે જેઓ પોતાના ગચ્છને વિજયગચ્છના નામથી ઓળખાવે છે તેમાં થયેલા કેશરાજ મુનિએ રચેલો છે. વિજામતી સંવત ૧૫૬૦ માં લુંકામતમાંથી નીકળેલ છે. તેનું નામ તેના ચલાવનાર **બીજા ઉપરથી તેમજ લુંકાથી બીજો નીકળેલ હોવાથી બીજામતી કહેવાય છે, તેમણે પ્રતિમા માનેલી છે, ઉથાપી નથી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રાસ પ્રથમ કોઈએ છપાવેલ હતો. તેની ઉપરથી સંવત ૧૯૬૯ માં કોઠારી કશળચંદ નેમજીએ મુંબઇમાં શિલા છાપમાં છપાવેલો છે. અને ભીમશી માણેકને ત્યાં વેચાય છે. તેની અંદર મૂળ કર્ત્તાના શબ્દો કરતાં ઘણી જગ્યાએ ફેરફાર કરેલો, પરંતુ તે હકીકત આજસુધી જાહેરમાં આવી નહોતી. હાલમાં શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ખાતા તરફથી એ રાસ તેની અસલ પ્રત ઉપરથી છપાયેલ છે. તેની સાથે ઉપર જણાવેલો રાસ કે જે સ્થાનકવાસી ઉર્ફે ઢુંઢક મતિએ છપાવેલો છે તેને પ્રસંગોપાત મેળવતાં તેની અંદર જ્યાં જ્યાં જિન પ્રતિમાના અધિકાર છે તે તમામ કાઢી નાખ્યા છે અથવા ફેરવી નાખ્યા છે. શબ્દરચના ફેરવી નાખી છે અને પોતાની મનોવૃત્તિને અનુકૂળ રચના કરવા માટે સુજ્ઞે ન કરવા યોગ્ય પ્રવૃત્તિ કરી છે. તેમાંથી બે ચાર હકીકત વાંચકોને પરીક્ષા કરવા માટે આ નીચે જણાવવામાં આવે છે.

ઢાળ ૪ થી માં 'વાલિ મુનિ અષ્ટાપદ ઉપર કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા છે ત્યાં રાવણ આવે છે, ઉપદ્રવ કરે છે અને તેમાં પાછો પડે છે. ત્યારપછી તે ભરત ચક્રીએ કરાવેલા જિનમંદિરમાં જાય છે અને પ્રભુ પાસે ગીત નૃત્ય કરે છે. તે વખતે ધરણેંદ્ર ત્યાં આવે છે અને તેની એકાગ્રતાને જોઇને પ્રસન્ન થવાથી અમોઘ વિજયાશક્તિ તે રાવણને આપે છે.' આ અધિકાર છે. તે પ્રસંગની ગાથા ૧૮ મી માં '**દેવ જુહારી જુગતિસું, જિનગુણ ગાવે ભગતિસું, ભ૦ તવ ધરણેંદ્ર ધાવીઓ એ; અમોઘવિજયા નામે ભલી, શક્તિરૂપ છે નિરમલી, નિ૦ વિદ્યા દેઈ સિધાવીઓ એ.** ૧૯. આ ગાથાનું પહેલું પદ ફેરવીને આ પ્રમાણે છાપ્યું છે—

**સાધુ જુહારી યુક્તિસું, જિનગુણ ગાવે ભક્તિસું, ભક્તિસું, તવ ધરણેંદ્ર પધારીઓ એ;** ઇત્યાદિ.

આમાં પ્રગટપણે ભૂલ તરી આવે છે. દેવ જુહારવા કહેવાય છે, મુનિ જુહારવા કહેવાતા નથી. વળી જિનગુણ ગાયા તે જિનમંદિરમાં જઇને ગાયા છે તેની સાથે પહેલું પદ સંબંધ ધરાવે છે અને ધરણેંદ્ર ત્યાંજ આવેલા છે.

ઢાળ ૧૦ મીમાં 'અંજનાસુંદરીના અધિકારમાં મુનિએ તેનો પરભવ કહ્યો છે. તેમાં કનકપુરના રાજા કનકરત્નની બે રાણીઓ પૈકી અંજનાસુંદરી પહેલી રાણી કનકોદરી નામે હતી. તેણે બીજી રાણી લક્ષ્મીવતીની દરરોજની પૂજવાની જિનપ્રતિમાને ઉપાડી લઈને અશુચિ સ્થાનમાં છુપાવી, તે દેખીને જયશ્રી નામના સાધ્વીએ તેને બહુ નિભ્રંછી, એટલે તે ખસીયાણી પડી અને પ્રતિમાજી પાછા અશુચિ સ્થાનમાંથી કાઢી પવિત્ર કરી અસલ સ્થાને મુકી દીધા. આ પાપનો ઉદય થવાથી તેને અંજનાસુંદરીના ભવમાં અત્યંત દુઃખ સહન કરવું પડ્યું.' આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિકારને અંગે અસલ રાસમાં ૧૧ થી ૧૬ સુધી છ ગાથા છે તે ઢુંઢકોએ છપાવેલા રાસમાં લઇને ફેરવી નાંખી છે અને તેમાં પૂર્વે શું પાપ કરેલું તે બતાવતાં છેવટે કહ્યું છે કે-" **માતા પુત્ર અંતર રાખી, તેહતણા ફળ લીધે છે ચાખીં** " આટલા ઉપરથી વિચારી જુઓ કે અંજનાસુંદરીને પડેલું દુઃખ કેટલું છે અને આ રાસમાં બતાવેલું તેનું કારણ કેટલું છે ? માતા પુત્રમાં અંતર રાખવા જેવા કારણને અંગે ૨૨ વર્ષનો પતિ સાથે વિયોગ, અસતીપણાનું કલંક, વનવાસનું દુઃખ અને પિયરથી પણ તિરસ્કાર એબધું દુઃખ સંભવતુંજ નથી. જિનપ્રતિમાની આશાતનાનુંજ એવું કટુક ફળ સંભવે છે. પણ જ્યાં નેત્ર મીંચાઇ જાય ત્યાં પછી ખરી વાત સુજતીજ નથી.

તેજ ઢાળમાં આગળ અંજનાસુંદરીએ ગુફામાં શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પધરાવીને પૂજા કર્યાનો અધિકાર છે. એ પ્રસંગમાં રાસમાં કહ્યું છે કે-**મુનિસુવ્રતજિન પૂજા કરતી, વરતે છે શુભમતિ અનુસરતિ.** આને બદલે ઢુંઢક ભાઇઓએ લખ્યું છે કે-" મુનિસુવ્રત જિન ધર્મ કરંતિ, વરતે છે શુભમતિ અનુસરતિ. " આ ફેરફાર કરતાં તેમણે વિચાર કર્યો નથી કે આપણા શબ્દોજ આપણી ચોરી પકડશે; કેમકે અમુક પ્રભુનો ધર્મ કરતી, એમ કોઇપણ જગ્યાએ કહેવામાં આવતું નથી; ફક્ત જૈન ધર્મ કરે છે-પાળે છે એમ કહેવામાં આવે છે. પણ કોઈ રીતે જિનપ્રતિમા ને જિનપૂજા ઉથાપવી ત્યાં પછી સંભવિત અસંભવિત કે સાચું ખોટું શું જોવું ?

ઢાળ ૪૬મીમાં રાવણ બહુરૂપિણી વિદ્યા સાધવા માટે શાંતિનાથજીના ચૈત્યમાં જઇને બેઠો છે. તે પ્રસંગે અસલ રાસમાં ઘણી ગાથાઓ છે અને પ્રગટ રીતે જિનચૈત્યમાં ગયાનો, જિનપૂજા કર્યાનો વિગેરે અધિકાર છે તે તમામ ફેરવી નાખ્યો છે. અસલ રાસમાં જ્યાં શાંતિનાથજીના દેરાસરમાં આવ્યાનો અધિકાર છે ત્યાં દેરાસરમાં આવ્યા પછી કહ્યું છે કે—

શાંતિનાથ જિનેંદ્રનો, કરે પ્રથમ સનાત્ર;
તેહ પિણ અષ્ટોત્તરો, કરવા રે પાવન ગાત્ર. રા૦ ૪
દેવ તું સહુ દેવનો, શાંતિનો કરનાર;
આરતિ સાયર તારણો, શિવવધુનો રે ભલો ભરતાર. રા૦ ૫
સર્વ હી સુખ સંપદા, સર્વ હી કલ્યાણ;
સ્વામીના પદ સેવતાં, મહિમા મેરૂ સમાન. રા૦ ૬
પૂજા અષ્ટ પ્રકારની, કરતાં અષ્ટ હી સિદ્ધિ;
અણિમાદિક આપી મહા, પુહવી રે માંહી પ્રસિદ્ધિ. રા૦ ૭

ઇત્યાદિ ગાથાઓ છે. તેને બદલે કૃત્રિમ રાસમાં—

એમ વિમાસી આવીઓ રે, પૌષધશાળામાંહિ;
મણિ પીઠિકા ઉપરે, જાઈ બેઠો રે જ્યાંહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણેની ઘણી ગાથાઓ નવી બનાવીને ગોઠવી દીધી છે. બંને રાસને મુકાબલ કરતાં આ કૃત્ય તરતજ જણાઇ આવે તેમ છે.

પ્રાંતે છેલ્લી ૬૨મી ઢાળમાં એક ગાથામાંથી '**નંદીસર આદિ સહુ તીરથ કેરી જાત્ર કરાય**' એ બે પદ કાઢી નાંખ્યા છે. બીજી એક ગાથામાંથી બીજા બે પદ કાઢી નાખ્યા છે એમ કરીને એક ગાથા ઘટાડી છે અને પછી કર્ત્તાની પ્રશસ્તિની ૪ ગાથાઓ તદ્દન કાઢી નાખી છે તે નીચે પ્રમાણેની છે.

વિજયગચ્છ ગચ્છનાયક ગીરૂવો, ગોયમનો અવતાર;
વિજયવંત વિજયઋષિ રાજા, કીધો ધર્મ ઉદ્ધાર. ૫૦
ધર્મમુનિ ધર્મજનો ધોરી, ધર્મતણો ભંડાર;
ખિમા દયા ગુણ કેરા નાયક, સાગર એમ ઉદાર. ૫૧
શ્રી ગુરૂ પદ્મ મુનીશ્વર મોટો, મોટો જેહુનો વંશ;
ચઉરાશી ગચ્છમાંહે જાણીતો, પ્રગટપણે પરશંસ. ૫૨
તાસ પટોધર ગુણ કરી ગાજે, ગુણસાગર ગુણવંત;
કડસુતન કલ્પતરૂ કલિમેં, સુર શિરોમણિ સંત. ૫૩

આ ચાર ગાથા મુકી દીધાની ચોરી તેના છપાવેલા રાસમાંજ પકડાય છે. તે આવી રીતે કે આ ગાથા મુકી દઇને તેના છપાવેલા રાસમાં ત્યારપછીની ગાથાઓ છે તેનું પહેલું પદજ એ છે કે-**એ ગુરૂદેવતણે સુપસાયે, ગ્રંથ ચઢયો સુપ્રમાણ;** જુઓ! આ પદજ તેની અગાઉ ગુરૂપરંપરાના નામ હોવાનું સૂચવે છે છતાં તેનો લોપ કરતાં અને આવી પ્રગટ ચોરી કરતાં વિચાર કર્યો નથી.

આ શિવાય બીજા પણ બહુ જગ્યાએ ફેરફાર કર્યા છે તે સર્વ બતાવવા જતાં લેખ વધી જાય તેમ હોવાથી આટલી વાનકીજ માત્ર બતાવી છે. વધારે જાણવાની ઇચ્છાવાળાએ બે રાસ મંગાવીને મેળવી જોવા.

જિનપ્રતિમા ઉથ્થાપવા માટે સૂત્રોમાંથી પણ ઘણી જગ્યાએ પાઠો ફેરવ્યા છે, અર્થો ફેરવ્યા છે અને ઉત્સૂત્ર પ્રરૂપક થઇ અનંત સંસાર વધાર્યો છે. તેની સાક્ષી આ રાસમાં કરેલો ફેરફાર પૂરે છે. જો આ રાસ તેની અંદર જિનપ્રતિમાનો અધિકાર હોવાથી પોતાને રૂચિકર થાય તેમ નહોતો તો જેમ ૩૨ ઉપરાંતના સૂત્રો, પંચાંગી અને ધુરંધર પૂર્વાચાર્યોના કરેલા સંખ્યાબંધ ગ્રંથો અગ્રાહ્ય કરી દીધા છે તેમ આને પણ અગ્રાહ્ય કરવો હતો, પરંતુ આવો ફેરફાર કરીને પાપમાં વૃદ્ધિ કરવી નહોતી. આટલું ખાસ સ્થાનકવાસી ભાઇઓના હિત માટે લખવાની જરૂર જણાવાથી લખ્યું છે, તેથી આ લેખ વાંચીને ખેદ ન કરતાં થયેલી ભૂલનો પસ્તાવો કરવો અને હવે પછી આવું કાર્ય ન કરવું કે જેથી લેખકનો પ્રયાસ સફળ થાય. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आठमा व्रत उपर कथा.

આર્ત્ત રૌદ્રધ્યાન, શસ્ત્રપ્રદાન, પાપકર્મનો ઉપદેશ તથા પ્રમાદાચરણ—એ ચાર પ્રકારે અનર્થદંડ કહેવાય છે, તેનો જે ત્યાગ કરવો તે ત્રીજું ગુણવ્રત છે.

આર્ત્તધ્યાન ને રૌદ્રધ્યાનના ચાર ચાર પાયા અથવા ચાર ચાર ભેદ છે. ઇષ્ટ-વિયોગ, અનિષ્ટ સંયોગ, રોગચિંતા, આગામી ચિંતા—એ ચાર પ્રકાર આર્ત્તધ્યાનના છે અને હિંસાનુબંધિ, મૃષાનુબંધિ, ચૌર્યાનુબંધિ અને પરિગ્રહાનુબંધિ આ ચાર પ્રકાર રૌદ્રધ્યાનના છે. એનું વિશેષ વર્ણન અન્ય સ્થાનેથી જાણવું. આવા પાપકારી ધ્યાન ધ્યાવા કે જેથી તિર્યંચ અને નરકની ગતિનો બંધ પડે તે **અશુભ-ધ્યાન** નામનો અનર્થદંડનો પ્રથમ પ્રકાર છે. જેનાથી હિંસા થાય એવા ઘંટી, ઉષળ, મુશળ, દાતરડાં વિગેરે અનેક પ્રકારનાં શસ્ત્રો, અગ્નિ વિગેરે માગ્યાં આપવાં કે જેથી તેનાવડે થતા પાપકર્મનો—વગર કારણે—પોતે પાપ કર્યા વિના આપનાર ભાગીદાર થાય છે એ **હિંસ્રપ્રદાન** નામનો અનર્થદંડનો બીજો પ્રકાર છે. કોઇ અન્યને પાપકાર્ય કરવાનો ઉપદેશ આપવો—શિખામણ આપવી, મકાન બાંધવાની, સ્ત્રી પરણવાની, ખેતી કરવાની, મીલ, જીન, પ્રેસ વિગેરે કરવાની અથવા એવી બીજી અનેક પ્રકારની સલાહ આપવી કે જેને પરિણામે ત્રસ સ્થાવર અનેક જીવોની વિરાધના થાય તે **પાપોપદેશ** નામનો અનર્થદંડનો ત્રીજો પ્રકાર છે. અને નાટકો જોવા, ઇંદ્રિયના વિષયની તૃપ્તિને માટે નવા નવા સાધનોની યોજના કરવી, અન્યનું અહિત ચિંતવવું, જુગટું રમવું, ધાન્ય, ઘાસ, ઢોર વિગેરે લેવાની સલાહ આપવી, કલહ કરવો ઇત્યાદિ અનેક પ્રકારે **પ્રમાદાચરણ** કહેવાય છે તે અનર્થદંડનો ચોથો પ્રકાર છે. ઉત્તમ પુરૂષો આવા નિષ્કારણ કર્મબંધ કરાવનાર અનર્થદંડમાં પ્રવૃત્તિ કરતા નથી. જેઓ તેનાથી ન્યારા રહે છે તેઓ અશુભ કર્મબંધ કરતા નથી અને શુભકર્મનો સંચય કરે છે.

અનર્થદંડની વિરતિ નામના આ વ્રતને વિષે ધૈર્યવાળા પુરૂષો **સુરસેન**ની જેમ શુભકારક સંપત્તિથી દેદીપ્યમાન થઇને મોટો ઉદય પામે છે.

## અનર્થદંડ વિરમણ ઉપર સુરસેનની કથા.

દેવપૂજાના ઉછળતા સુગંધમાં લુબ્ધ થયેલા ભમરાઓ વારંવાર જેની પ્રશંસાનું ગાયન કરે છે એવી લક્ષ્મીથી ભરપૂર **બંધુરા** નામની નગરી છે. તેમાં ઉગ્ર વીર પુરૂષોની સેનાનો શિરોમણી અને પવિત્ર આચરણવડે ઉજ્વળ **વીરસેન** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ક્રોધાદિક અભ્યંતર શત્રુઓને પ્રહાર કરવામાં ધર્મરૂપી બાણ જેવા શુભકારક **સુરસેન** અને **મહાસેન** નામના બે પુત્રો થયા. લોકો તે બન્નેના રૂપમાં તથા [1]સાહચર્યમાં ઉપમાન અને ઉપમેયપણું

1 નિરંતર સાથે રહેવાપણામાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા વાચક અને વાચ્યપણું વિચારતા હતા. સદ્વસ્તુના અવલોકનમાં ધર્મના નેત્રરૂપ; મોહાદિકનું મર્દન કરવામાં ધર્મના બાહુરૂપ અને સદાચરણનું આચરણ કરવામાં ધર્મના ચરણ ( પગ ) રૂપ તે બન્ને ભાઇઓ અત્યંત શોભતા હતા. એકદા મહાસેનની જિહ્વા ઉપર અકસ્માત્ આશ્ચર્યકારક અને દુઃસહ સોજો થઇ આવ્યો. તેની શાંતિને માટે વૈદ્યોએ જે જે ઉત્તમ ઔષધો કર્યા, તે તે ઔષધોથી તે જિહ્વાનો સોજો કૃપણના લોભની જેમ ઉલટો વૃદ્ધિ પામવા લાગ્યો. તેથી "હવે ધર્મરૂપ ઔષધજ યુક્ત છે" એમ બોલતા વૈદ્યોએ જેમ ગણિકા ધન રહિત જાર પુરૂષનો ત્યાગ કરે તેમ તેનો ત્યાગ કર્યો. પછી તે રાજપુત્રની જિહ્વા અનુક્રમે સડી ગઈ, અને તેથી તે માખીઓની અનિવારિત ( ખુલ્લી મૂકેલી ) દાનશાળારૂપ થઇ ગઇ. એટલે પથિક જનો જેમ ચંડાળના વાડા (શેરી)નો દૂરથી ત્યાગ કરે તેમ ઉગ્ર દુર્ગંધના સ્થાનરૂપ તે કુમારનો તેની પત્ની, પિતા અને માતાએ પણ ત્યાગ કર્યો. તેવી સ્થિતિવાળો તેને જાણીને ભ્રાતૃસ્નેહને આધીન થયેલો સુરસેન દુઃસહ દુર્ગંધને સહન કરીને પણ તેની સમીપે રહ્યો, અને "જ્યાંસુધી આ (ભાઇ) ને આ વ્યાધિ છે, ત્યાંસુધી મારે ભોજન કરવું નહીં, તથા જો આ (ભાઇ) આ (વ્યાધિ) થી મરી જાય તો મારે પણ અનશનવડે મરી જવું." એ પ્રમાણે દૃઢ નિશ્ચય કરીને તે તેની પાસે બેઠો, અને તેના મુખમાં પેસતી માખીઓને વસ્ત્રના છેડાવડે ઉડાડવા લાગ્યો. તેમજ નવકાર મંત્રનું વારંવાર સ્મરણ કરાવતો સતો તે મંત્રવડેજ પ્રાસુક જળને મંત્રી મંત્રીને તેની જિહ્વાપર તેનું સિંચન કરવા લાગ્યો. તેથી કરીને ક્ષુધાર્ત્ત માણસને જેમ કોળીયે કોળીયે ક્ષુધાની શાંતિ થતી જાય છે, તેમ તેને તે મંત્રિત પ્રાસુક જળના સિંચનવડે અનુક્રમે વ્યથાની અધિક અધિક શાંતિ થવા લાગી. એ રીતે એક મુહૂર્તમાં તેનું મુખ વ્યથા રહિત, વ્રણ રહિત, રોગ રહિત, દુર્ગંધ રહિત તથા સુગંધ યુક્ત થયું. "**ધર્મ કયે ઠેકાણે પ્રભાવયુક્ત નથી?**" જે રોગને અસાધ્ય માની વૈદ્યોના સમૂહે છોડી દીધો હતો, તે રોગ ધર્મવડે તત્કાળ અસ્ત (નાશ) પામ્યો. "સૂર્યથી નાશ કરી શકાય તેવા અંધકારને છેદવામાં પતંગીયા શીરીતે શક્તિમાન થાય?" પછી રાહુથી મુક્ત થયેલા સૂર્યની જેમ રોગથી મુક્ત થયેલા અને પ્રથમની જેવીજ કાંતિના સમૂહને પામેલા તે રાજકુમારને જોઈને સર્વ લોકો આનંદ યુક્ત થયા. ત્યારપછી શરદ્ ઋતુમાં ચંદ્ર અને સૂર્યની જેમ તે બન્ને ભાઇઓ પ્રભાવવાળા ધર્મને વિષે અધિક પ્રવર્તમાન થયા.

અન્યદા કોઇ દિવસે આકાશને ચંદ્રની જેમ તે પુરના ઉદ્યાનને અવધિજ્ઞાનવાળા **શ્રી ભદ્રબાહુ** નામના આચાર્ય મહારાજે વિભૂષિત કર્યું. તે વખતે તે બન્ને ભાઇઓએ ગુરૂ પાસે જઇ તેમને ત્રણ પ્રદક્ષિણા કરવા પૂર્વક વંદના કરી, પછી તેમની સન્મુખ બેસી ધર્મદેશનાનું શ્રવણ કર્યું. સારા રસવાળા દેશનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃતનું પાન કર્યા પછી સુરસેને પોતાના ભાઇની જિવ્હાના રોગનું કારણ ગુરૂમહારાજને પૂછયું. ત્યારે તે ગુરૂ પ્રવચનરૂપી ક્ષીરસાગરના કલ્લોલ જેવું તથા સંસારરૂપી અરણ્યથી ઉત્પન્ન થતા કલેશનો નાશ કરનારૂં વચન બોલ્યા કે—

" પૃથ્વીના ભૂષણ રૂપ, ઈંદ્રના પુરની કાંતિની સ્પર્ધા કરનારૂં તથા વિશ્વમાં વિખ્યાત એવું **મણિપુર** નામનું નગર છે. તેમાં શત્રુઓના મુખને શ્યામ કરનાર તથા જૈનધર્મ રૂપી અમૃતના સમુદ્રને ઉલ્લાસ કરવામાં ચંદ્ર સમાન **મદન** નામે એક સુભટ હતો. તેને તુલ્ય આકૃતિવાળા, તુલ્ય શક્તિવાળા, તુલ્ય અર્થ ( પુરૂષાર્થ ) વાળા, તથા તુલ્ય તેજવાળા જાણે તેના બે હાથ હોય તેવા **ધીર** અને **વીર** નામના બે પુત્રો થયા. જિન પ્રવચનના આનંદરૂપ અમૃત રસનો સ્વાદ લેવાવાળા તે બન્ને કુમારો સંસાર રૂપી સર્પથી ઉત્પન્ન થયેલી મોહરૂપી વિષની મૂર્છાથી ગ્રસ્ત ( વ્યાપ્ત ) થયા નહોતા. એકદા તે બન્ને કુમારો પોતાના ઉદ્યાનમાં ગયા. ત્યાં **વસંત** નામના પોતાના મામા કે જે મુનિ હતા તેને ઘણા પુરૂષોએ પરિવરેલા અને પૃથ્વીપર પડેલા જોયા. તેને જોઇને " આ શું થયું ? આ શું થયું ? " એમ બોલતા અને આકુળ વ્યાકુળ ચિત્તવાળા ધીરકુમારના પૂછવાથી નેત્રમાંથી અશ્રુપાત કરતો એક પુરૂષ બોલ્યો કે–" કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા આ મુનિને કરડીને એક દુષ્ટ સર્પ રાજાનો અપરાધી જેમ કિલ્લામાં પેસી જાય તેમ આ મોટા બિલમાં પેસી ગયો છે." તે સાંભળીને ધીરનો નાનો ભાઇ (વીર) મામા ઉપરના મોહને લીધે ક્રોધથી બોલ્યો–" હે રાંકડાઓ ! એ નાશી જતા પાપી સર્પને તમે કેમ ન હણ્યો ?" ત્યારે ધીરકુમારે નાના ભાઇને કહ્યું કે–" હે મહાત્મા ! તે સર્પ પોતાના શુભ કર્મને યોગે જીવતો ગયો છે, તેમાં તું જિવ્હાએ કરીને ફોગટ પાપ કેમ બાંધે છે?" વીરે તેનો ક્રોધથી જવાબ દીધો કે–" મહામુનિને ડસનાર તે દુષ્ટ સર્પને હણવાથી પણ ધર્મ થાય, તો તેને મારવાની વાણીથી પાપ કેમ બંધાય ? વળી સાધુ પુરૂષોનું પાલન કરવું અને દુષ્ટનો નિગ્રહ કરવો એજ ક્ષત્રિયનો ધર્મ છે. એ વાત જો અસત્ય હોય તો મારી જિવ્હાને ભલે પાપ લાગો." આ પ્રમાણેની તેની વાણી સાંભળી તેપર વિચાર કર્યા વિનાજ અત્યંત દયારસવાળા ધીરકુમારે મણિ, મંત્ર તથા ઔષધિના પ્રયોગથી મુનીંદ્રને જીવાડયા. યતીંદ્રના જીવવાથી મોટા આનંદની વર્ણિકારૂપ પ્રીતિને ધારણ કરતા તથા સર્વ લોકોએ પ્રશંસા કરેલા તે સુભટના પુત્રો શુભ ધર્મને પાળતા, પાપ કર્મનો નાશ કરતા તથા કીર્ત્તિવડે પોતાના આત્માને ઉજવાળ કરતા ચિરકાળ સુધી આનંદ પામ્યા ( જીવ્યા ). પછી અનુક્રમે આયુષ્ય પૂર્ણ થયે હે સુરસેન ! ધીરકુમારનો જીવ મરીને તું થયો, અને તેવા પ્રકારની પાપકારી વાણીથી બંધાયેલા પાપની આલોચના કર્યા વિનાનો વીરકુમાર

For Private And Personal Use Only

આ તારો નાનો ભાઈ થયો. સર્પને હણવાની વાણીના પાપથી તેને જિહ્વાનો વ્યાધિ થયો કે જે વ્યાધિ નિર્મળ ઔષધીને અનુસારે સર્વ વૈદ્યોને પણ અસાધ્ય થઈ પડ્યો, પરંતુ તે મુનિને જીવાડવાથી રોગનો [illegible] કરનારી લબ્ધિ તને પ્રાપ્ત થવાથી તેં આ મહાસેનનો જિહ્વાનો વ્યાધિ દૂર કર્યો."

આ પ્રમાણે પોતાનું પૂર્વ વૃત્તાંત સાંભળીને સુરસેન તથા મહાસેનને તે વખતે જાતિસ્મરણ જ્ઞાન થયું, એટલે સંસારથી ઉદ્વેગ પામીને તરતજ તેમણે ચારિત્ર ગ્રહણ કર્યું. તે બન્ને મુનિઓ સત્ આચરણરૂપી અમૃતરસવડે ચારિત્રરૂપી લતાનું સિંચન કરી કાળક્રમે ધર્મરૂપી પુષ્પથી ઉત્પન્ન થયેલું મુક્તિરૂપી ફલ પામ્યા.

હે ભવ્યજનો ! સુરસેન તથા મહાસેનના આ દૃષ્ટાંતને સાંભળીને દુઃખ સમૂહના હેતુરૂપ અનર્થદંડનો દૂરથીજ ત્યાગ કરો.

। इत्यनर्थदंडविरमणव्रतविचारे सुरसेनमहासेन कथा ।

# नवमा व्रत उपर कथा.

સાવદ્ય ( પાપ ) રહિત કરેલા શુભ ધ્યાનનું જે બે ઘડી સુધી હૃદયમાં સમાનપણું જાળવી રાખવું તે **સામાયિક** નામનું પહેલું શિક્ષાવ્રત અને નવમું વ્રત કહેવાય છે. મુનિધર્મ રૂપ લક્ષ્મીને ક્રીડા કરવાની ભૂમિકા રૂપ આ સામાયિક વ્રત પાપ રૂપ તરંગોનો વિરામ કરવા સમર્થ છે. આ સામાયિક નામનું પહેલું શિક્ષાવ્રત મોક્ષ લક્ષ્મીની મમતાના આરંભ રૂપ છે, સમતાને અભ્યાસ કરવાની રંગભૂમિ છે, તથા કરૂણા રસના સમુદ્રના કલ્લોલ રૂપ છે. દુષ્ટ આચરણવાળો મનુષ્ય પણ જો સામાયિક વ્રત કરનારો હોય તો તે **કેશરી** નામના વણિક પુત્રની જેમ કર્મ રૂપી શૃંખલાને તોડીને સંસારરૂપી કારાગૃહથી શીઘ્રપણે મુક્ત થાય છે.

## સામાયિક વ્રત ઉપર કેશરીની કથા.

**કામપુર** નામના નગરમાં શત્રુજન રૂપી સર્પનો નાશ કરવામાં મયૂર સમાન તથા નિંદ્ય કર્મને ક્ષીણ કરનાર **વિજય** નામે ધર્મિષ્ઠ રાજા હતો. એકદા **સિંહદત્ત** નામના શ્રેષ્ઠીએ રાજાને નમસ્કાર કરીને કહ્યું કે–" હે સ્વામી ! મારો **કેશરી** નામનો પુત્ર ચોરીના સ્થાનરૂપ છે. " તે સાંભળીને રાજાએ કેશરીને બોલાવીને આજ્ઞા કરી કે—" જો તું મારી પૃથ્વીપર રહીશ, તો તું વધ કરવા લાયક થઇશ. " એમ કહીને રાજાએ તેને પોતાના દેશમાંથી કાઢી મૂકયો. પછી તે કેશરી રાજાના ભયથી દેશાન્તર જતાં માર્ગમાં થાકી ગયો, તેવામાં કોઇક વનમાં સ્વચ્છ, શીતળ અને સ્વાદિષ્ટ જળવાળું એક સરોવર તેણે જોયું. " મેં આજ સુધી કોઇ વખત ચોરી કર્યા વિના પાણી પણ પીધું નથી, તે આજે પીવું પડે છે. અહો ! દૈવના વિપર્યાસને ધિક્કાર છે. " એ પ્રમાણે વિચાર કરતા તે ચોરે થાકી

તૃષિત હોવાથી જળપાન કરીને ઘણીવાર સુધી સ્નાન કર્યું. પછી સ્નાનથી જેનો શ્રમ નષ્ટ થયો છે એવો તે ચોર બહાર નીકળીને ક્ષુધાતુર થયેલો હોવાથી સરોવરની પાળ ઉપર રહેલા ઘણા ફળવાળા આમ્રવૃક્ષપર ચઢયો. પછી ફળનું ભક્ષણ કરીને તૃપ્ત અને ગર્વિષ્ઠ થયેલો તે વિચાર કરવા લાગ્યો કે–" અહો ! શું આજે મારો દિવસ ચોરી વિનાનોજ જશે ? " આ પ્રમાણે તે વિચાર કરતો હતો તેટલામાં જેણે મંત્રવિદ્યાથી પાદુકાને સિદ્ધ કરી છે એવો કોઇ યોગીશ્વર આકાશમાંથી તે સરોવરને કાંઠે ઉતર્યો. તે યોગી આકાશમાં ગમન કરવાથી નજીક રહેલા સૂર્યના તાપથી તપેલો હતો. તેથી તેણે સર્વ દિશામાં દૃષ્ટિ નાંખીને પાદુકાને કાંઠેજ મૂકીને જળમાં પ્રવેશ કર્યો. તે જોઇને કેશરીએ વિચાર્યું કે–"હું ધારૂં છું કે આ યોગીની આ બન્ને પાદુકા આકાશ ગમન કરવા સમર્થ છે, કેમકે તેને કાંઠાપર મૂકીને તે પગવડે ચાલતોજ જળમાં પેઠો છે, માટે તે પાદુકાને હું ચોરી લઉં. " એમ વિચારીને તે ચોર તત્કાળ વૃક્ષ ઉપરથી ઉતરી તે પાદુકાને પગમાં નાંખી ગગનમાર્ગે ચાલ્યો ગયો. પછી તે કેશરી કોઈક સ્થાને દિવસને નિર્ગમન કરી પોતાના વિચારની જેવા વર્ણવાળી મધ્યરાત્રીએ પગમાં પાદુકા પહેરીને આકાશમાર્ગે પોતાના ઘરમાં ગયો. ત્યાં " તેં રાજા પાસે મને ચોર કહીને નગરમાંથી કઢાવી મૂક્યો " એમ કહીને તેણે પોતાના બાપને દંડવડે ખૂબ માર્યો, કે જેથી તે તત્કાળ મરણ પામ્યો. પછી મરણ પામેલા પિતાનો ત્યાગ કરીને તે મોટા ધનાઢયોના ઘરમાં પેઠો, અને સારા સારા પદાર્થોના સમૂહને હરણ કર્યા. રાત્રિના છેલ્લે પ્રહરે તે ચોર અરણ્યના મંડપરૂપ તેજ સરોવરરૂપી દુર્ગમાં આવ્યો. આ પ્રમાણે હમેશાં ચોરીના રસથી આનંદ પામતો તે અત્યંત દુષ્ટ ચોર તેજ નગરમાં જઇને વિવિધ પ્રકારની ચોરી કરવા લાગ્યો. સત્પુરૂષ તથા સતી સ્ત્રી વિગેરેને તે પાપી સંતાપતો હતો, તેથી તે નગરમાં રાત્રીનું આગમન યમરાજના આગમનની જેવું ભયકારક થઈ પડ્યું. તે વૃત્તાંત સાંભળીને મનમાં વ્યથા પામેલા રાજાએ પુરરક્ષકને પૂછયું, ત્યારે તે લજ્જાથી નીચું મુખ રાખીને બોલ્યો કે—" હે સ્વામી ! આકાશમાર્ગે ચાલતો કોઇક પુરૂષ હમેશાં આ નગરનું મંથન કરે છે, કારણકે પૃથ્વીપર કોઇપણ ઠેકાણે તે ચોરના પાદન્યાસ ( પગલાં ) દેખાતા નથી. " તે સાંભળીને ક્રોધથી તપ્ત થયેલા નેત્રોને નગરના લોકોને દુઃખી થતા જોઇને ઉત્પન્ન થયેલ કૃપારૂપી અશ્રુજળવડે સ્નાન કરાવતો અને અંતઃવ્યથાથી આતુર થયેલો તે રાજા તપોધનના તપ અને સતીઓના શીળના પ્રભાવથી તેની શોધ કરવાના કાર્યમાં ઉદ્યમી થયો, અને " આજે તે ચોર મને પ્રત્યક્ષ થાઓ " એમ બોલીને તે રાજા થોડા પરિવાર સહિત નગરમાં દરેક સભાઓ, દરેક દ્યુતકારના સ્થાનો તથા દરેક દેવાલયો જોવા લાગ્યો. પરંતુ કોઇ પણ ઠેકાણે તે ચોરનું કાંઈ પણ ચિન્હ તેના જોવામાં આવ્યું નહીં.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી તે ભગ્ન મનોરથવાળો થઇને નગર બહાર ગયો. ત્યાં પણ વાવ, કૂવા, તળાવ વિગેરે દરેક સ્થાનો તેણે જોયાં, પણ કોઇ સ્થાને ચોરના સંચારનું કાંઇ પણ ચિન્હ તે પામ્યો નહીં. પછી રાજા મધ્યાન્હ સમયે ઉદ્યાનની ભૂમિમાં જઇને બેઠો, તે વખતે તેની નાસિકાને કપૂર તથા અગરના ધૂપથી ઉત્પન્ન થયેલો સુગંધ આવ્યો. તેથી તે ગંધને અનુસારે ચાલતો ચંડિકાના ચૈત્યમાં આવ્યો. અને તેમાં ચંપકાદિક પુષ્પોથી પૂજેલી ચંડિકાની પ્રતિમા તેણે જોઈ. તે વખતે જેણે ઉત્તમ વસ્ત્રોને ધારણ કર્યાં છે એવો તે દેવીનો પૂજારી સુગંધી ધૂપને નીચે મૂકીને બે હાથ જોડી રાજાની સામે આવ્યો. તેને રાજાએ પૂછ્યું કે–" આજે કયા ઉત્સવને લીધે કોણે આ ચંડીની પૂજા કરાવી છે? તથા કાંતિવડે ચંદ્રના પ્રકાશને પણ તિરસ્કાર કરનારાં આ વસ્ત્રો તને કોણે આપ્યાં છે?" ત્યારે પૂજારી બોલ્યો કે–" હે સ્વામી ! હાલમાં દુઃસ્થિતિવાળા મારા ઉપર ભક્તિવડે ચંડીદેવી પ્રસન્ન થઈ છે. તેથી હું હંમેશાં જ્યારે પ્રાતઃકાળે પૂજા કરવા અહીં આવું છું, ત્યારે દેવીના ચરણની પાસે રહેલાં રત્નો તથા સુવર્ણને હું પામું છું. હું દેવીની ત્રણ કાળ પૂજા કરૂં છું, અને તેની કૃપાથી પ્રાપ્ત થયેલા સમગ્ર ધનના સમૂહવડે કુબેરને પણ હું જીતું તેમ છું." આ પ્રમાણે તે પૂજકની વાણીથી "રાત્રીએ ચોરનું આગમન અહીં થતું હશે" એમ નિશ્ચય કરીને તે બુદ્ધિમાન રાજા દિવસનું કાર્ય કરવા માટે પોતાના આવાસમાં ગયો. પછી રાત્રીને સમયે અલ્પ પરિવાર સહિત રાજા ચંડીના ચૈત્યમાં આવ્યો. ત્યાં પોતાના સુભટોને ચૈત્ય બહાર દૂર રાખીને પોતે એકલો ચૈત્યમાં રહ્યો. અર્ધી રાત્રીને સમયે તે રાજા સ્તંભની પાછળ પોતાનું શરીર ગુપ્ત કરીને રહ્યો. તેટલામાં તે પાદુકાસિદ્ધ ચોરને આકાશથી ઉતરતો તેણે જોયો. ચોરે ડાબા હાથમાં બન્ને પાદુકા રાખીને ગભારામાં જઇ ચંડીનું ઉત્તમ મણિઓવડે પૂજન કર્યું. પછી તે બોલ્યો કે–"હે સ્વામિની (માતા)! સ્વેચ્છાચારી અને ચોરી કરનારા મને આ સમૃદ્ધિ આપનારી રાત્રી હર્ષ આપનારી થાઓ." એમ બોલીને તે પાછો વળ્યો. તે વખતે હસ્તમાં ખડ્ગ સહિત રાજાએ દ્વારપર ચડીને તેને હાક મારીકે–" અરે ! દુષ્ટ ! તું જીવતો નહીં જાય." આ પ્રમાણે રાજાએ કહ્યું તે વખતે સમયને જાણનાર તે ચોરે ક્રોધથી તે બન્ને પાદુકાનેજ શસ્ત્રરૂપ કરીને રાજાના કપાળ તરફ ફેંકી. રાજા તે ઘાથી છટકી જવામાં વ્યગ્ર થયો તેવામાં તે મહાબળવાન ચોર પાદુકા લેવાનું છોડી દઈને 'આ હું જીવતો જાઉં છું' એમ બોલતો ત્યાંથી નીકળી ગયો. તે વખતે "આ કેશરી ચોર નાશી જાય છે" એવી રાજાની વાણી સાંભળીને તેની આજ્ઞાથી તેના સુભટો દૂર નાસતા એવા તે ચોરની પાછળ દોડ્યા. મંત્રવડે આદેશ કરેલી (પ્રેરેલી) શક્તિની જેમ રાજા પણ ચોરના સ્થાન તરફ જવા માટે તે બન્ને પાદુકા લઇને સુભટોની પાછળ ચાલ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોર તો ત્વરાએ કરીને તે શૂરવીરોના સમૂહને દૂર મૂકીને પોતાનાં પગલાં ગુપ્ત રાખવાના હેતુથી માર્ગમાં આવેલા પુર અને ગામોની અંદરના માર્ગે કરીનેજ ચાલ્યો. દૈવયોગે ભયથી વ્યાકુળ ચિત્તવાળા તે ચોરને કાંઈક વૈરાગ્ય થયો, તેથી તે વિચારવા લાગ્યો કે–" આજે મારાં અતિ ઉગ્ર પાપનો ઉદય થયો જણાય છે." આમ વિચારતો તે કોઇએક ગામની ઉદ્યાનભૂમિમાં ગયો, ત્યાં દેશના દેતા કોઈક મુનિનું ખાસ તત્ત્વવાળું વચન તેણે શ્રદ્ધાપૂર્વક સાંભળ્યું કે–" જેની અંદર દીવો કર્યો હોય એવું ઘર જેમ અંધકારથી મુક્ત થાય છે, તેમ ધ્યાનવડે સર્વત્ર સમતાને ધારણ કરતો માણસ પણ તત્કાળ સર્વ પાપથી મુક્ત થાય છે." આ પ્રમાણે હૃદયના મર્મસ્થાનમાં નિમગ્ન થયેલા વચનને ભાવતો (સદ્દહતો) તે ચોર શરીર ઉપર રોમાંચને ધારણ કરતો તેજ સ્થાને ઉભો રહ્યો. પાપના સમૂહનો નાશ કરતો તે ચોર જગતના સર્વ સાર અસાર પદાર્થોની સ્તુતિ કે નિંદાનો ત્યાગ કરીને મધ્યસ્થભાવમાં તલ્લીન થઇ ગયો. તે અવશેષ રહેલી રાત્રી તથા આખો દિવસ સમતાને વિષે મગ્ન થઇને એવી રીતે સ્થિત રહ્યો કે જેથી તેનું સ્થિર થયેલું મન પવિત્ર પરમાત્માના સ્વરૂપને વિષે લીન થઇ ગયું. તેજ દિવસે સાયંકાળે ઘાતિકર્મનો ક્ષય થવાથી તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે રાજા પણ સર્વત્ર તેને શોધતો શોધતો ત્યાં આવી પહોંચ્યો. એક તરફથી સુભટોના સમૂહ સહિત રાજા તેને હણવા માટે આવ્યો, અને બીજી તરફ મુનિવેષ આપનાર દેવનો સમૂહ તેને વંદન કરવા આવ્યો. દેવોએ રચેલા સુવર્ણકમળ ઉપર કેશરી કેવળી વિરાજમાન થયા. તે વખતે હણવાને આવેલા નૃપાદિક પણ તેને નમન કરનારા થયા. દાંતના કિરણોવડે ચંદ્રના કિરણોનો સુકાળ કરતા તે મુનિ પાપરૂપી અંધકારનો નાશ કરવામાં પૂર્ણિમા સમાન પવિત્ર દેશના દેવા લાગ્યા. અવસર મળેથી રાજાએ કેવળીને પૂછ્યું કે–" હે સ્વામી! આપનું ચરિત્ર ક્યાં? અને આ કેવળજ્ઞાનનો ઉદય ક્યાં?" ત્યારે કેવળી બોલ્યા કે–" હે રાજન્! જન્મથી આરંભીનેજ તેવા પ્રકારનું પાપકર્મ સેવતા છતાં પણ મને મુનિની વાણીથી પ્રાપ્ત થયેલા સામાયિકમાં મનની તલ્લીનતા થવાથી આ લક્ષ્મી પ્રાપ્ત થઈ છે. અહો! જે કર્મ કરોડો વર્ષ સુધી તપ કરવાથી પણ છેદી શકાતાં નથી, તે કર્મો ચિત્તની સામ્યાવસ્થાવડે એક ક્ષણવારમાં નિર્મૂળ કરી શકાય છે." આ પ્રમાણે તેની વાણી સાંભળીને હર્ષ પામેલો રાજા પોતાની નગરી તરફ ગયો, અને તે મહામુનિ પણ ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરતા પૃથ્વીપર વિચરવા લાગ્યા.

પિતાની હત્યા કરનાર અને સર્વ જનોને સંતાપ કરનાર ચોરને પણ મોક્ષ આપનાર સામાયિક વ્રતનું ડાહ્યા પુરૂષે નિરંતર સેવન કરવું યોગ્ય છે.

। इति सामायिकव्रतविचारे केशरीचोरकथा ।

For Private And Personal Use Only